# સન્ડે સ્કૂલ

## પાઠ તેમજ અભ્યાસ પુસ્તિકા

## ધોરણ - 1

**પ્રકાશક :**

**Operation Agape**
**Ashirwad Ashram, Chhawla Village,**
**Najafgarh, New Delhi 110 071**

**Class - 1**
© 2009
All rights reserved
First Print 1000 copies 2009

**Published by**
National Resources Center
Ashirwad Ashram, Kanganheri Road, Chhawla, New Delhi 110 070

**Printed at :**
Innovative Designers and Printers
F-32/6, Okhla Indl. Area
Phase - II, New Delhi - 110 020

# સક્રિય સન્ડે સ્કૂલના અભ્યાસક્રમનો પરિચય તથા સૂચનાઓ

ઉત્તર ભારતની મંડળીઓ માટે આ સક્રિય અને પ્રભાવશાળી સન્ડે સ્કૂલ અભ્યાસક્રમ રજૂ કરતા અમને અનહદ આનંદ થાય છે. બાળકોને નિયમિત રીતે પ્રારંભિક શિક્ષણ આપવા માટે એક પ્રભાવશાળી સાધનની ખૂબ જ જરૂરિયાત છે તે બાબતને ધ્યાનમાં રાખીને આ પુસ્તકને શિક્ષણ આપવાના એક સાધન તરીકે તૈયાર કરવામાં આવ્યું છે. આ પુસ્તકને અનુભવી શિક્ષકો તથા બાઈબલના વિદ્વાનો દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. તેઓ બધા ઉત્તર ભારતમાં ઘણા બધા વર્ષોથી પ્રભુના સેવાકાર્યમાં કાર્યરત છે.

નીચે આપવામાં આવેલ કેટલાંક મૂળભૂત સિદ્ધાંતોના/ઢાંચાના આધારે આ અભ્યાસક્રમને તૈયાર કરવામાં આવ્યો છે. દરેકે દરેક પુસ્તકમાં અંદાજે 40 જેટલા પાઠ છે જે એક વર્ષની અંદર ભણાવવાના છે. બધા જ પાઠ ગ્રેડીંગ પદ્ધતિથી તૈયાર કરવામાં આવ્યા છે, જેથી કરીને દરેક પાઠને કેવળ સન્ડે સ્કૂલના વર્ગમાં શિક્ષક દ્વારા શીખવવામાં આવે એટલું જ નહીં પરંતુ સાથે સાથે બાળક તેના વ્યવહારિક શિક્ષણમાં અને સાથી બાળકોના સમૂહમાં હરતા ફરતાં રમતાં પણ આ શિક્ષણ તેમને ઉપયોગી નીવડે જેથી કરીને દરેકે દરેક વિદ્યાર્થીને તેમના વ્યક્તિગત જીવનમાં આ વ્યવહારિક શિક્ષણ અમલમાં મૂકવા અને જીવનમાં નિર્ણય કરવા માટેનો પ્રસંગ મળી રહે.

**સામાન્ય સિદ્ધાંતો :**

1. વાર્તાઓ દ્વારા ઈશ્વરના વચનોનું શિક્ષણ
2. બાળકોની રચનાત્મકતા વધુ સારી કરવા દરેક પાઠને અનુરૂપ કળા તથા હસ્તકળા અથવા પ્રવૃત્તિ સામેલ કરી છે.
3. વિષયને અનુરૂપ મોઢે કરવાની એક મુખપાઠ કલમ
4. દરેક અઠવાડિયે તંદુરસ્તી તથા સફાઈ સંબંધીનું શિક્ષણ મળી રહે તે માટે સુઆચરણના વાક્યો
5. દર અઠવાડિયે અંગ્રેજીમાં એક ગીત શક્ય હોય તો શીખવવું
6. કાબેલિયતની ચકાસણી (મરજીયાત)
7. પ્રશ્નો તથા ગૃહકાર્ય
8. દર અઠવાડિયે પાંચ વ્યક્તિને વાર્તા વહેંચવી
9. પાઠ આધારિત એક વ્યવહારિક નિર્ણય (જીવનમાં અમલ કરવા માટે)

શિક્ષકોએ પાઠને એવી રીતે સમજાવવા પ્રયત્ન કરવો કે જેથી બાળકની સંસ્કૃતિ અને જે તે વિસ્તારની પરિસ્થિતિને અનુરૂપ શિક્ષણ આપી શકાય. વળી બાળકનું ધોરણ ધ્યાનમાં રાખીને તેને સમજાવવું.

આ પુસ્તક સરળ છે, ચિત્રોમાં પ્રયોગ કાર્ય કરવાનું છે અને સાથે સાથે વિદ્યાર્થીનો અભ્યાસ પણ આમાં સામેલ છે. પ્રત્યેક વર્ગ એક કલાકના સમયનો છે તે બાબતને ધ્યાનમાં રાખીને નાના નાના નમૂના આપવામાં આવ્યા છે.

**શિક્ષકની તૈયારી**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** શિક્ષકો પાસેથી આશા રાખવામાં આવે છે કે દરેક શિક્ષક બાઈબલની કલમો વારંવાર વાંચીને તેઓ અર્થ સમજે અને ત્યાં સુધી અભ્યાસ કરવો જ્યાં સુધી તે કલમોનો સાચો ભાવાર્થ સમજી ન જવાય. શિક્ષકો પાઠની તૈયારી સારી પેઠે કરી શકે તે માટે આ કલમો સમાવવામાં આવી છે. આ મુજબ કરવાથી વિદ્યાર્થીઓને પાઠ સમજાવવામાં ઘણી સરળતા રહેશે.

**પાઠનો ઉદ્દેશ :** એક ચોક્કસ હેતુ નજર સમક્ષ રાખીને દરેક પાઠ તૈયાર કરવામાં આવ્યો છે. પાઠમાં બીજી એવી બાબતો પણ જોવા જાણવામાં આવશે જેના પર જોર આપવાનું મન થાય એવું બને ખરું; પરંતુ શિક્ષકોને સલાહ આપવામાં આવે છે કે તેઓ પોતાનું ધ્યાન પાઠના મૂળ હેતુ તરફ જ કેન્દ્રિત કરે.

# વર્ગની તૈયારી

**પ્રાર્થના :** વિદ્યાર્થીઓ પ્રાર્થના કરાવતાં શીખે તે માટે શિક્ષકે માર્ગદર્શન અને ઉત્તેજન આપવું.

**સમીક્ષા કરવી :** ગયા અઠવાડિયે ચાલેલા પાઠનું પુનરાવર્તન ટૂંકાણમાં કરાવવું. મુખપાઠ કલમ તથા જીવનમાં અમલ કરવાની બાબત ખાસ યાદ કરાવવી. જે વિદ્યાર્થી સારી રીતે આગળ વધે છે તેને પ્રોત્સાહન આપવું.

**વાર્તા શીખવવા સાધનોનો ઉપયોગ :** શિક્ષકોને સલાહ આપવામાં આવે છે કે પાઠની તૈયારી કરતી વખતે તેમજ શીખવતી વખતે ચિત્રોનો ઉપયોગ કરો તેમજ અન્ય સાધનો વાપરો જે દ્વારા વાર્તાનો ભાવાર્થ દર્શાવી શકાય. જો તમારી પાસે સગવડ હોય તો નાની વીડિયોનો ઉપયોગ કરો કે અન્ય સાધન વાપરો જે દ્વારા તમારું શિક્ષણકાર્ય વધારે આકર્ષક બની શકે. પરંતુ યાદ રાખો કે આ પ્રકારની રીત અને આવા સાધનોએ વિદ્યાર્થી સાથેના તમારા વ્યક્તિગત રીતે વાર્તા કહેવાના અને આત્મીય વ્યવહારનું સ્થાન લઈ ન લેવું જોઈએ.

**અનુરૂપ ગીત શીખવો :** વિદ્યાર્થી કયા ધોરણના અને કયા પ્રકારના છે તે ધ્યાનમાં લઈને તેમને અનુરૂપ ગીત શીખવો. અંગ્રેજી ગીતની જરૂર હોય તો શીખવો. અનુકૂળ હોય તો ગીતની સાથે સાથે હાવભાવ (એક્શન) પણ કરાવો.

**કળા, હસ્તકળા અથવા ઈતર પ્રવૃત્તિઓ**

શિક્ષકે બાળકોને માર્ગદર્શન, દોરવણી, જરૂરી સૂચન અને સહાયતા કરવી જેથી બાળકો ચિત્રોમાં રંગ પૂરી શકે, ખાલી જગ્યાઓ પૂરી શકે અથવા વાર્તાના આધારે એક નાનું નાટક ભજવી શકે.

**મુખપાઠ કલમ :** પાઠ પર આધારિત એક કલમ પસંદ કરવામાં આવી છે જેને વર્ગમાં શીખવવી જરૂરી છે, અને અનિવાર્ય છે. આગળનો અભ્યાસ કરો ત્યારે પાછલા સમયમાં શીખી ગયેલ કલમોને યાદ કરાવતા રહો અને જે વિદ્યાર્થીઓ સારો દેખાવ કરી રહ્યા હોય તેમને ઉત્તેજન આપો, વખાણો અને પ્રોત્સાહન આપતા રહો.

**સુઆચરણ :** પુસ્તકના અંત ભાગમાં જે સુઆચરણનું લિસ્ટ આપવામાં આવ્યું છે તે જુઓ અને દર અઠવાડિયે તેમાંથી ગમે તે એક વાક્ય પસંદ કરીને તે શીખો. તંદુરસ્તી / નૈતિક શિક્ષણનો આમાં સમાવેશ છે.

**ગૃહકાર્ય :** શિક્ષક કે શિક્ષિકા દર અઠવાડિયે વિદ્યાર્થીઓને ગૃહકાર્ય આપી શકે છે. ખૂબ જ સરળ સવાલો હોવા જોઈએ અને તે બાબતમાં ખૂબ સમય ન વેડફશો. દરેક વિદ્યાર્થીને કહો કે જે વાર્તા તેઓ શીખ્યા છે તે વાર્તા અઠવાડિયા દરમિયાન પાંચ વ્યક્તિઓને જણાવે. માતા-પિતા, ભાઈ-બહેન કે મિત્રોને પણ આ વાર્તા જણાવી શકાય. વિદ્યાર્થીઓ પાસેથી હેવાલ માંગો કે શું તેમણે તે મુજબ કર્યું છે. આ પ્રમાણે તેઓ નિયમિતપણે કરે તે માટે પ્રોત્સાહન આપો.

**પાઠની સમીક્ષા :** વર્ગ પૂરો થવાની તૈયારી થાય તે સમયે આખા પાઠનું ટૂંકમાં પુવનરાવર્તન કરો. જો સમય હોય અને શક્ય હોય તો એક બાળકને ઊભા થઈને વાર્તા બોલી જવાનું કહો. પાઠ પર બાળકો અંદરોઅંદર ચર્ચા વિચારણા કરી શકે છે પરંતુ તે માટે શિક્ષકે મુખ્ય પ્રશ્નો દ્વારા શરૂઆત કરી આપવી, અને મદદ કરી, દોરવણી પણ આપવી.

**વ્યવહારિક અમલ :** પાઠને અનુરૂપ આ અઠવાડિયા દરમિયાન દરેક વિદ્યાર્થીએ શું કરવાનું છે એવો પ્રશ્ન કે એના જેવો પ્રશ્ન તમે બાળકોને પૂછી શકો છો અને ત્યાર પછી બાળકોને તેમનો નિર્ણય જાહેર કરવાની તક આપો, અને પ્રાર્થના કરીને નિર્ણય કરવા દો.

**પ્રવીણતાનું શિક્ષણ :** દરેક વર્ગ માટે આ બાબત ફરજિયાત નથી પણ મરજિયાત છે. સમય, સ્થળ, જરૂરી સાધનો અને બાળકની કાબેલિયત, પ્રવીણતા, કૌશલ્યની ઉપલબ્ધતાને આધારે આ બાબતનું આયોજન કરી શકાય.

દા.ત. સંગીતના સાધનોનો ઉપયોગ કરવો, જેવા કે ખંજરી, ઢોલક કે બીજું સાધન, મ્યુઝીક વગાડવું, અંગ્રેજી ભાષામાં વાર્તા સમજાવવાની વિગેરે.

**સમાપ્તિની પ્રાર્થના :** છેલ્લે ટૂંકી પ્રાર્થના કરાવીને છૂટા પડવું.

# અનુક્રમણિકા


1. ઈશ્વરે સઘળું ઉત્પન્ન કર્યું ........ 7
2. પ્રથમ માતા - પિતા ........ 9
3. કાઈન અને હાબેલ ........ 11
4. નૂહનું વહાણ ........ 13
5. ઈબ્રાહિમ અને સારા ........ 15
6. યાકૂબ અને એસાવ ........ 17
7. યાકૂબનું લાલ શાક ........ 19
8. યૂસફ ........ 21
9. મૂસા ........ 23
10. હાન્નાની પ્રાર્થના ........ 25
11. બાળ શમુએલ ........ 27
12. ઘેટાંપાળક, દાઉદ ........ 29
13. દાઉદ અને ગોલ્યાથ ........ 31
14. સુલેમાન જ્ઞાન માંગે છે ........ 33
15. એલિયા અને કાગડો ........ 35
16. વિધવાના તેલમાં વૃદ્ધિ ........ 37
17. નામાન અને નાની છોકરી ........ 39
18. દાનિયેલ ........ 41
19. ઈસુનો જન્મ ........ 43
20. દૂતો અને ભરવાડો ........ 45
21. માગીઓ અને તેમની બક્ષીસો ........ 47
22. માછલીઓ ચમત્કારિક રીતે પકડાઈ ........ 49
23. કાના ગામમાં લગ્ન ........ 51

24. ઈસુ બાળકોને પ્રેમ કરે છે ........ 53
25. ડાહ્યો અને મૂર્ખ ઘર બાંધનાર ........ 55
26. દશ કોઢિઆઓ ........ 57
27. આંધળા માણસનું દેખતા થવું ........ 59
28. યાઈરની દીકરી ........ 61
29. ઈસુ અને જાખ્ખી ........ 63
30. ઈસુએ પાંચ હજાર માણસોને જમાડ્યા ........ 65
31. હોસાન્ના ........ 67
32. ઈસુનું વધસ્તંભે જડાવું ........ 69
33. ઈસુનું પુનરુત્થાન ........ 71
34. ઈસુએ શિષ્યોને આપેલ દર્શન ........ 73
35. ઈસુનું સ્વર્ગારોહણ ........ 75

# પાઠ - 1
# ઈશ્વરે સઘળું ઉત્પન્ન કર્યું

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** ઉત્પત્તિ પહેલો અધ્યાય

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે ઈશ્વર અને તેના વચન પર શંકા સંદેહ ન કરવાં.

**પાઠનું આયોજન**

**પૃથ્વીની ઉત્પત્તિ કેવી રીતે થઈ તે અંગેની વાર્તા બાળકોને કહો.** 15 મિનિટ

**પૃથ્વીની ઉત્પત્તિ અંગેનું જે ચિત્ર આપ્યું છે તેમાં બાળકોને રંગ પૂરવાનું કહો :** પક્ષી, પ્રાણી, ઝાડ, સૂરજ, ચંદ્ર વિગેરે. 10 મિનિટ

**પાઠને અનુરૂપ ગીત શીખવો :** દેવે આકાશ બનાવ્યું, દેવે તારા બનાવ્યા. 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** બાળકોને માટીમાંથી કશુંક બનાવવાનું કહો પછી માટી વિના બનાવવાનું કહો. 10 મિનિટ

**મુખપાઠ કલમ :** "આદિએ દેવે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યાં." ઉત્પત્તિ 1:1

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ

આરંભમાં (શરૂઆતમાં) ઈશ્વરે આકાશ અને પૃથ્વી બનાવ્યા.
પ્રથમ દિવસે ઈશ્વરે અજવાળું બનાવ્યું.
બીજા દિવસે ઈશ્વરે આકાશ બનાવ્યું.
ત્રીજા દિવસે ઈશ્વરે જમીન અને સમુદ્ર બનાવ્યા. વૃક્ષો અને છોડવા પણ બનાવ્યા.
ચોથા દિવસે ઈશ્વરે સૂર્ય, ચંદ્ર અને તારા બનાવ્યા.
પાંચમા દિવસે ઈશ્વરે આકાશમાં ઉડનાર પક્ષીઓ અને સમુદ્રમાં રહેનારા જીવજંતુઓ બનાવ્યા.
છઠ્ઠા દિવસે ઈશ્વરે દરેક પ્રકારના જાનવર તેમજ પુરુષ અને સ્ત્રીને બનાવ્યાં.
ઈશ્વરે સઘળું બનાવ્યું. તેમણે અજવાળું, આકાશ, જમીન, સમુદ્ર, ઝાડ, છોડ, સૂરજ, ચંદ્ર, તારા, પક્ષી, માછલીઓ વળી તમને અને મને બનાવ્યા. ઈશ્વરે આ બધું છ દિવસમાં બનાવ્યું અને જોયું કે તે સારું છે અને ઈશ્વરે બનાવેલી બધી જ વસ્તુઓને આશીર્વાદ આપ્યો.

**બોધપાઠ :** ઈશ્વર પૃથ્વીને બનાવનાર છે અને તેથી આપણે તેમનું ભજન કરવું જોઈએ.

**પુનરાવર્તનના પ્રશ્નો**

1. આકાશ અને પૃથ્વીને કોણે બનાવ્યા છે ?
2. ઈશ્વરે માણસને કયા દિવસે બનાવ્યું ?
3. માછલીઓ ક્યાં રહે છે ?
4. ફૂલો અને ઝાડ કોણે બનાવ્યા છે ?
5. શું તમે આ વાર્તા બીજા કોઈને કહેશો ખરા ?
6. તમે આ વાર્તા કોને કહેવાના છો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ : સારું ☐ શ્રેષ્ઠ ☐ સર્વોત્તમ ☐

## પાઠ - 2
# પ્રથમ માતા - પિતા

### શિક્ષક માટે સૂચના

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** ઉત્પત્તિ : 2

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે ઈશ્વરે માણસને તેની સાથે સંગત માણવા માટે બનાવ્યું છે.

**પાઠનું આયોજન**

**પ્રથમ માતા - પિતા વિશેની વાર્તા બાળકોને કહો.** 15 મિનિટ

**આદમ અને હવાના ચિત્રમાં રંગ પૂરો.** 10 મિનિટ

**પાઠને અનુરૂપ ગીત શીખવો :** 15 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** ''આપણે તેની કૃતિ છીએ'' એફેસી 2:10

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ

છઠ્ઠા દિવસે ઈશ્વરે પુરુષ અને સ્ત્રીને બનાવ્યા. પુરુષનું નામ આદમ તથા સ્ત્રીનું નામ હવા પાડવામાં આવ્યું.

ઈશ્વરે તેમના માટે સુંદર વાડી બનાવી અને તે વાડીમાં તેમને મૂક્યાં. આ વાડીમાં ચાર નદીઓ વહેતી હતી તથા વાડીની અંદર દ્રાક્ષ, સફરજન, સંતરા વિગેરેના ઝાડ હતાં. આ વાડીના મધ્ય ભાગમાં જીવનનું વૃક્ષ હતું તેમજ ભલું-ભૂંડું જાણવાનું વૃક્ષ પણ હતું.

આદમે બધા જ પ્રાણીઓ અને પક્ષીઓના નામ પાડ્યાં. આદમ અને હવા ઈશ્વર સાથેની મિત્રતાનો આનંદ આ વાડીમાં માણી રહ્યા હતા.

**બોધપાઠ :** આપણને જે જે વાનાંની જરૂર છે તે સઘળું ઈશ્વર આપણને પૂરુ પાડે છે.

### પુનરાવર્તનના પ્રશ્નો

**1. આપણા પ્રથમ માતા - પિતાને કોણે બનાવ્યા ?**
**2. આપણા પ્રથમ માતા - પિતાનું નામ શું છે ?**
**3. ઈશ્વરે તેમને ક્યાં રાખ્યા હતા ?**
**4. આ વાડીમાં કેટલી નદીઓ વહેતી હતી ?**
**5. તમે આ વાર્તા કોને કહેવાના છો ?**

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ : સારું ☐ શ્રેષ્ઠ ☐ સર્વોત્તમ ☐

## પાઠ - 3
# કાઈન અને હાબેલ

### શિક્ષક માટે સૂચના

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** ઉત્પત્તિ : 4:1-16

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે જે વ્યક્તિ ઈશ્વરને રાજી ખુશીથી આપે છે તેની ભેટ ઈશ્વર માન્ય કરે છે.

**પાઠનું આયોજન**

**કાઈન અને હાબેલની વાર્તા બાળકોને કહો.** 15 મિનિટ

**કાઈન અને હાબેલની ભેટનું જે ચિત્ર આપ્યું છે તેમાં રંગ પૂરો.** 10 મિનિટ

**પાઠને અનુરૂપ ગીત શીખવો :** 15 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** "ખુશીથી આપનારને દેવ ચાહે છે." 2 કોરંથી 9:7

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ

આદમના મોટા દીકરાનું નામ કાઈન અને નાના દીકરાનું નામ હાબેલ હતું.

કાઈન ખેડૂત હતો અને હાબેલ ઘેટાપાળક હતો.

એક દિવસ કાઈન અને હાબેલ ઈશ્વરની પાસે પોતપોતાની ભેટ લાવે છે.

કાઈન તેના ખેતરમાંથી ફળ તેમજ શાકભાજી લાવ્યો અને હાબેલ તેના ટોળામાંથી એક ઘેટું લાવ્યો.

ઈશ્વર હાબેલની ભેટથી પ્રસન્ન થયા પરંતુ કાઈનની ભેટનો નકાર કરે છે.

**બોધપાઠ :** ઈશ્વર તમારી અને મારી ભેટ સ્વીકારે છે.

### પુનરાવર્તનના પ્રશ્નો

**1. આદમના મોટા દીકરાનું નામ શું હતું અને કાઈન શું ધંધો કરતો હતો ?**

**2. આદમના નાના દીકરાનું નામ શું હતું અને તેનો ધંધો શો હતો ?**

**3. કાઈન કઈ ભેટ લાવ્યો ?**

**4. હાબેલ શી ભેટ લાવ્યો ?**

**5. ઈશ્વરે કોની ભેટ સ્વીકારી ?**

**6. તમે આ વાર્તા કોને કહેશો ?**

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ : સારું ☐ શ્રેષ્ઠ ☐ સર્વોત્તમ ☐

## પાઠ - 4
# નૂહનું વહાણ

### શિક્ષક માટે સૂચના

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** ઉત્પત્તિ : 6:6 - 7:24
**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે ઈશ્વર ધાર્મિક વ્યક્તિઓને બચાવે છે.
**પાઠનું આયોજન**
**નૂહની વાર્તા કહો.** 15 મિનિટ
**વહાણ અને પ્રાણીઓના ચિત્રમાં રંગ પૂરો.** 10 મિનિટ
**પાઠને અનુરૂપ ગીત શીખવો :** 15 મિનિટ
**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** 10 મિનિટ
**મુખપાઠ કલમ :** ''નૂહ દેવની સાથે ચાલ્યો.'' ઉત્પત્તિ 6:9
**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ


નૂહ ઈશ્વરનું ભય અને બીક રાખનાર વ્યક્તિ હતો. એટલા માટે ઈશ્વર તેના પર પ્રેમ રાખતા હતા. બીજા લોકો ભૂંડાઈ કરનાર હતા અને ઈશ્વરની બીક રાખતા ન હતા. તેથી ઈશ્વરને આવા લોકો પર ગુસ્સો આવ્યો. નૂહ અને નૂહના કુટુંબની દરેક વ્યક્તિઓને બાદ કરતાં બાકીના બધા જ લોકોને ઈશ્વર સજા કરવા ઈચ્છતા હતા. ઈશ્વરે નૂહને કહ્યું કે તું એક અતિ વિશાળ વહાણ તૈયાર કર. જેથી તું તથા તારું કુટુંબ તેમજ દરેક પ્રકારના સજીવોની એક એક જોડ એટલે કે નર અને માદા આ વહાણમાં પ્રવેશીને બચી શકે.
નૂહે વહાણ તૈયાર કર્યું અને તેની પત્ની, પુત્રો અને પુત્રવધુઓ, દીકરીઓ અને જમાઈઓ બધા જ વહાણમાં પ્રવેશ્યા અને પછી ઈશ્વરે પોતે આ વહાણનો દરવાજો બંધ કર્યો.
ઈશ્વરે ચાળીસ રાત અને ચાળીસ દિવસ સુધી વરસાદ વરસાવ્યો.
વહાણની બહારના બધા જ માણસો અને જાનવરો મરી ગયા, માત્ર નૂહ અને તેનું કુટુંબ જ બચી ગયું.

**બોધપાઠ :** ઈશ્વર ધાર્મિક લોકોનો બચાવ કરે છે.

### પુનરાવર્તનના પ્રશ્નો

**1. મોટું વહાણ કોણે બનાવ્યું ?**
**2. એ વહાણમાં કેટલા લોકોએ પ્રવેશ કર્યો ?**
**3. ઈશ્વરે કેટલા દિવસ વરસાદ મોકલ્યો ?**
**4. એ વહાણનો દરવાજો કોણે બંધ કર્યો ?**
**5. આ વાર્તા તમે કોને જણાવવાના છો ?**

**જીવનમાં લાગુકરણ**
આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ : સારું ☐ શ્રેષ્ઠ ☐ સર્વોત્તમ ☐

# પાઠ - 5
# ઈબ્રાહિમ અને સારા

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** ઉત્પત્તિ 15:1-6, 17, 19; 21:1-7
**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે ઈશ્વર પોતાનો વાયદો કદી ભૂલી જતા નથી.
**પાઠનું આયોજન**
**ઈબ્રાહિમ અને સારાની વાર્તા કહો.** 15 મિનિટ
**ઈબ્રાહિમ અને સારાના ચિત્રમાં રંગ પૂરો.** 10 મિનિટ
**પાઠને અનુરૂપ ગીત શીખવો :** 10 મિનિટ
**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** 10 મિનિટ
**મુખપાઠ કલમ :** ઉત્પત્તિ 15:6
**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

**વાર્તાનો સારાંશ**

ઈબ્રાહિમ અને તેની પત્ની સારા કનાન દેશમાં રહેતા હતા.
બન્ને જણ ઈશ્વરનું ભય રાખનાર હતાં.
તે બન્ને જણ ખૂબ જ વૃદ્ધ હતાં.
તેમને એક પણ સંતાન ન હતું.
તેઓ ઘણા સમયથી સંતાન પ્રાપ્તિ માટે પ્રાર્થના કરતા હતાં.
ઈશ્વરે તેમની પ્રાર્થના સાંભળી અને પરિણામે તેમને સંતાન પૂરું પાડવાનો વાયદો ઈશ્વરે આપ્યો.
જ્યારે ઈબ્રાહિમ ૧૦૦ વર્ષ અને સારા ૯૦ વર્ષની હતી ત્યારે ઈશ્વરે તેમને સંતાન આપ્યું અને આ વૃદ્ધ દંપતીએ તે બાળકનું નામ ઈસહાક પાડ્યું.


**બોધપાઠ :** ઈશ્વર તેમનો વાયદો પૂરો કરે છે.

**પુનરાવર્તનના પ્રશ્નો**

**1. ઈબ્રાહિમ ક્યાં રહેતો હતો ?**
**2. ઈબ્રાહિમની પત્નીનું નામ શું હતું ?**
**3. તેઓના પુત્રનું નામ શું હતું ?**
**4. ઈબ્રાહિમને કેટલી ઉંમરે બાળક પ્રાપ્ત થયું ?**
**5. તમે આ વાર્તા કોને કહેવાના છો ?**

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ : સારું ☐ શ્રેષ્ઠ ☐ સર્વોત્તમ ☐

## પાઠ - 6
# યાકૂબ અને એસાવ

### શિક્ષક માટે સૂચના

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** ઉત્પત્તિ 25:19-34
**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે ઈશ્વર પ્રાર્થનાઓ સાંભળે છે અને ઉત્તર આપે છે.
**પાઠનું આયોજન**
**યાકૂબ અને એસાવની વાર્તા કહો.** 15 મિનિટ
**યાકૂબ અને એસાવના ચિત્રમાં રંગ પૂરો.** 10 મિનિટ
**પાઠને અનુરૂપ ગીત શીખવો :** 10 મિનિટ
**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** 10 મિનિટ
**મુખપાઠ કલમ :** જે યહોવાથી ડરે છે તેને એવો આશીર્વાદ મળશે. ગી.શા. 128:4
**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ

ઈસહાકે રિબકા સાથે લગ્ન કર્યાં પરંતુ લગ્ન બાદ ઘણા લાંબા સમય સુધી તેમને કોઈ સંતાન થયું નહીં. ઈસહાકે ઈશ્વરને પ્રાર્થના કરી અને દેવે તેની પ્રાર્થના સાંભળી. ઈશ્વરે તેને જોડીયા બાળકનો જન્મ આપીને આશીર્વાદ આપ્યો. પહેલા દીકરાનો રંગ લાલાશ પડતો હતો અને શરીર ઉપર રુંવાટી હતી. તેનું નામ એસાવ પાડવામાં આવ્યું.

બીજા દીકરાનું નામ યાકૂબ પાડવામાં આવ્યું. એસાવ મોટો થઈને શિકારી બન્યો. એસાવ ચતુર શિકારી તથા જંગલમાં ફરનાર માણસ હતો; પણ યાકૂબ સુંવાળો માણસ ને માંડવાઓમાં રહેનાર હતો. તે વધુ સમય ઘરમાં તેની માતા સાથે રહીને સમય ગાળતો.

**બોધપાઠ :** ઈશ્વર પ્રાર્થના સાંભળે છે.

### પુનરાવર્તનના પ્રશ્નો

**1. ઈસહાકના પિતાનું નામ શું હતું ?**
**2. ઈસહાકની પત્નીનું નામ શું હતું ?**
**3. તેઓને કેટલા દીકરા હતા ?**
**4. તેઓના નામ કયા કયા હતાં ?**
**5. તમે આ વાર્તા કોને જણાવશો ?**

**જીવનમાં લાગુકરણ**
આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ : સારું ☐ શ્રેષ્ઠ ☐ સર્વોત્તમ ☐

## પાઠ - 7
# યાકૂબનું લાલ શાક

### શિક્ષક માટે સૂચના

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** ઉત્પત્તિ 25:29-34
**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે ઈશ્વરે જે આશીર્વાદ આપ્યા છે તે માટે આભાર માને.
**પાઠનું આયોજન**
**યાકૂબના લાલ શાકની વાર્તા કહો.** 15 મિનિટ
**યાકૂબ અને લાલ શાક બનાવવાના ચિત્રમાં રંગ પૂરો.** 10 મિનિટ
**પાઠને અનુરૂપ ગીત શીખવો :** 10 મિનિટ
**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** 10 મિનિટ
**મુખપાઠ કલમ :** ''યહોવા, મારો વારસો છે.'' ગી.શા. 119:57
**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ

ઈસહાકને એસાવ અને યાકૂબ નામના બે પુત્રો હતા. એસાવના નામનો અર્થ લાલ અને યાકૂબના નામનો અર્થ ઠગ કે ઠગાઈ કરનાર એવો છે. એક દિવસ એસાવ શિકાર કરવા માટે જંગલમાં ગયો અને તે પાછો આવ્યો ત્યારે ખૂબ જ થાકી ગયો હતો. યાકૂબે દાળનું બનાવેલું જે લાલ શાક રાંધ્યું હતું તેની સુવાસ એસાવને આવી, તેથી તેણે યાકૂબને વિનંતી કરી કે થોડું શાક તેને આપે. યાકૂબે તેને કહ્યું કે જો તું તારું જ્યેષ્ઠપણું મને વેચાતું આપવા તૈયાર થા તો હું તને મારા રાંધેલા શાકમાંથી થોડું આપું.

એસાવ આ બાબત સાથે સહમત થઈ ગયો અને તેણે તેનો જ્યેષ્ઠપણાનો હક્ક યાકૂબને વેચી દીધો. આ પ્રમાણે એસાવે પોતાનું જ્યેષ્ઠપણું હલકું ગણ્યું.

**બોધપાઠ :** ઈશ્વરે આપેલ આશીર્વાદને આપણે હલકા કે તુચ્છ ન ગણવા જોઈએ.

**પુનરાવર્તનના પ્રશ્નો**

**1. એસાવનો શો અર્થ થાય છે ?**
**2. યાકૂબનો શો અર્થ થાય છે ?**
**3. દાળનું લાલ શાક કોણે બનાવ્યું હતું ?**
**4. દાળનું શાક લઈને એસાવે શું ખોયું ?**
**5. તમે આ વાત કોને કહેશો ?**

**જીવનમાં લાગુકરણ**
આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ : સારું ☐ શ્રેષ્ઠ ☐ સર્વોત્તમ ☐

## પાઠ - 8

# યૂસફ

### શિક્ષક માટે સૂચના

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** ઉત્પત્તિ 37:1-10
**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે તેઓ તેમના મિત્રો અને તેમના સંબંધીઓ ઉપર પ્રેમ કરે.
**પાઠનું આયોજન**
**યૂસફની વાર્તા કહો.** 15 મિનિટ
**યૂસફના ચિત્રમાં રંગ પૂરો.** 10 મિનિટ
**પાઠને અનુરૂપ ગીત શીખવો :** 10 મિનિટ
**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** 10 મિનિટ
**મુખપાઠ કલમ :** "દેવ પ્રેમ છે." 1 યોહાન 4:8
**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

**વાર્તાનો સારાંશ**

યાકૂબને ૧૨ પુત્ર અને એક પુત્રી હતી.

યૂસફ અગિયારમો પુત્ર હતો.

યાકૂબ યૂસફ પર વધારે પ્રેમ કરતો હતો, કારણકે ખૂબ જ વૃદ્ધાવસ્થામાં તેને તે દીકરો દેવે આપ્યો હતો.

યાકૂબે યૂસફ માટે એક ખાસ પ્રકારનો ઝભ્ભો સીવડાવ્યો હતો અને તેના બધા જ ભાઈઓ યૂસફની અદેખાઈ કરતા હતા.

યૂસફને સ્વપ્ન આવ્યું અને જ્યારે તેણે આ સ્વપ્ન તેના ભાઈઓને જણાવ્યું ત્યારે તે સાંભળીને તેના ભાઈઓ યૂસફ પર વધારે અદેખાઈ કરવા લાગ્યા.

**બોધપાઠ :** આપણે આપણા ભાઈઓ અને બહેનોને પ્રેમ કરવો જોઈએ.

**પુનરાવર્તનના પ્રશ્નો**

**1. યાકૂબને કેટલા દીકરા હતા ?**
**2. યાકૂબે યૂસફને શું આપ્યું ?**
**3. યાકૂબ યૂસફને શા માટે વધુ પ્રેમ કરતો હતો ?**
**4. તેના ભાઈઓ શા માટે તેની અદેખાઈ કરતા હતા ?**
**5. આ વાર્તા તમે કોને કહેવાના છો ?**

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ : સારું ☐ શ્રેષ્ઠ ☐ સર્વોત્તમ ☐

## પાઠ - 9
# મૂસા

### શિક્ષક માટે સૂચના

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** નિર્ગમન 2:1-10
**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે ઈશ્વર હંમેશા તેમને રક્ષણ આપવા માટે તેમની સાથે છે.
**પાઠનું આયોજન**
**મૂસાની વાર્તા કહો.** 15 મિનિટ
**મૂસાના ચિત્રમાં રંગ પૂરો.** 10 મિનિટ
**પાઠને અનુરૂપ ગીત શીખવો :** 10 મિનિટ
**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** 10 મિનિટ
**મુખપાઠ કલમ :** "સર્વ દુઃખથી યહોવા તારું રક્ષણ કરશે." ગી.શા. 121:7
**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ

ઘણા સમય પહેલાં અમ્રામ નામની એક વ્યક્તિ તેની પત્ની યકોબેદ સાથે રહેતા હતા. તેઓ યહુદી હતા પરંતુ મિસર દેશમાં રહેતા હતા. તેમને આશીર્વાદના રૂપમાં સુંદર બાળક મળ્યું અને તે બાળકનું નામ તેમણે મૂસા પાડ્યું. મિસરનો રાજા યહૂદીઓ ઉપર અદેખાઈ રાખતો હતો અને તેથી તેણે યહૂદીઓના બધા જ નવા જન્મેલા બાળકોને મારી નાખવાની યોજના બનાવી. તેણે યહુદી દાઈઓને સૂચના આપી કે નર બાળક જન્મે એટલે તરત તેને તમારે મારી નાંખવું. મૂસાની માતાએ તેને મારવાની મંજૂરી ન આપી અને તેણીએ તે બાળક (મૂસા)ને ત્રણ મહિના સુધી પોતાની પાસે સંતાડી રાખ્યું. એક દિવસ તેણીએ તે બાળકને એક ટોપલીમાં મૂકીને નદીમાં મૂકી દીધું. રાજાની પુત્રી ન્હાવા માટે નદીએ આવી ત્યારે તેણે જોયું કે એક બાળક ટોપલીની અંદર નદીના પાણીમાં તરી રહ્યું છે. તેણીએ એ બાળકને લઈ લીધું અને તેનું પાલન પોષણ કર્યું. મૂસા મોટો થઈને યહુદીઓનો આગેવાન બન્યો.

**બોધપાઠ :** ઈશ્વર આપણને સર્વ મુશ્કેલીઓથી બચાવશે.

### પુનરાવર્તનના પ્રશ્નો

**1. મૂસાના માતા પિતા કોણ હતાં ?**
**2. મૂસા કયા કુટુંબનો હતો ?**
**3. નદીમાંથી એ બાળકને કોણે ઉઠાવ્યું ?**
**4. જ્યારે મૂસા મોટો થયો ત્યારે તે શું બન્યો ?**
**5. તમે આ વાર્તા કોને કહેશો ?**

**જીવનમાં લાગુકરણ**
આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ : સારું ☐ શ્રેષ્ઠ ☐ સર્વોત્તમ ☐

## પાઠ - 10
# હાન્નાની પ્રાર્થના

### શિક્ષક માટે સૂચના

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** 1 શમુએલ 1:1-20
**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે ઈશ્વર તેમની પ્રાર્થના વિનંતી સાંભળે છે.
**પાઠનું આયોજન**
**હાન્નાની વાર્તા કહો.** 15 મિનિટ
**હાન્નાના ચિત્રમાં રંગ પૂરો.** 10 મિનિટ
**પાઠને અનુરૂપ ગીત શીખવો :** 10 મિનિટ
**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** 10 મિનિટ
**મુખપાઠ કલમ :** ''હે પ્રભુ મારો પોકાર સાંભળ, મારી પ્રાર્થના તરફ લક્ષ આપ.''
**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ

હાન્ના એફ્રાઈમના પહાડી વિસ્તારમાં તેના પતિ એલ્કાનાહ સાથે રહેતી હતી. તેણીને કોઈ બાળક ન હતું. હાન્ના ખૂબ જ દુ:ખી હતી અને તેના સગા સંબંધી તેની હાંસી કરતા હતા. એક દિવસ તે પ્રભુ મંદિરમાં ગઈ અને ત્યાં તેણે પુષ્કળ રૂદન કરીને ઈશ્વરને બાળક માટે પ્રાર્થના અને વિનંતી કરી.

ઈશ્વરે તેની પ્રાર્થના સાંભળી અને તેને એક પુત્ર આપ્યો. તેણે તે બાળકનું નામ શમુએલ રાખ્યું. શમુએલ મોટો થઈને પ્રબોધક બન્યો.

**બોધપાઠ :** ઈશ્વર આપણા આંસુઓ જુએ છે.

### પુનરાવર્તનના પ્રશ્નો

**1. હાન્નાનો પતિ કોણ ?**
**2. તેઓ ક્યાં રહેતા હતા ?**
**3. હાન્ના કેમ રડતી હતી ?**
**4. હાન્નાનો પુત્ર કોણ ?**
**5. તમે આ વાર્તા કોને કહી સંભળાવશો ?**

**જીવનમાં લાગુકરણ**
આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ : સારું ☐ શ્રેષ્ઠ ☐ સર્વોત્તમ ☐

# પાઠ - 11
# બાળ શમુએલ

## શિક્ષક માટે સૂચના

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** 1 શમુએલ ત્રીજો અધ્યાય
**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે પ્રાર્થના દ્વારા ઈશ્વર સાથે વાતચીત કરી શકાય છે.
**પાઠનું આયોજન**
**શમુએલની વાર્તા કહો.** 15 મિનિટ
**શમુએલના ચિત્રમાં રંગ પૂરો.** 10 મિનિટ
**પાઠને અનુરૂપ ગીત શીખવો :** 10 મિનિટ
**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** 10 મિનિટ
**મુખપાઠ કલમ :** ‘‘શમુએલ મોટો થયો, ને યહોવા તેની સાથે હતો.’’ 1 શમુએલ 3:19
**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ


હાન્નાને પેટે પુત્રનો જન્મ થયો. તેણીએ તેનું નામ શમુએલ એટલા માટે રાખ્યું કે તેણીએ કહ્યું કે, ‘‘મેં તેને ઈશ્વર પાસેથી માંગી લીધો હતો.’’ હાન્નાએ તેને ઈશ્વરની સેવા માટે મંદિરમાં અર્પણ કરી દીધો હતો. બાળ શમુએલ એલી યાજકની સાથે ઈશ્વરની સેવા કરવા લાગ્યો. એક રાતે ઈશ્વરે શમુએલને હાંક મારીને બોલાવ્યો ત્યારે શમુએલે પ્રત્યુત્તર આપ્યો કે ‘‘હું અહીં છું’’. શમુએલ દોડીને એલી યાજક પાસે ગયો કારણકે તેને એવું લાગ્યું કે કદાચ એલીએ તેને બોલાવે છે. આ મુજબ સતત ત્રણ વખત બન્યું અને ત્રીજી વખત એલીએ શમુએલને કહ્યું કે તેને કદાચ ઈશ્વર જ બોલાવી રહ્યા છે. ફરીથી જ્યારે ઈશ્વરે તેને પોકાર કર્યો ત્યારે તેણે કહ્યું કે, ‘‘બોલ, યહોવા કેમકે તારો સેવક સાંભળે છે.’’ પછી ઈશ્વરે શમુએલ સાથે વાતો કરી.

**બોધપાઠ :** ઈશ્વર આપણા બાળકો સાથે વાતો કરે છે.

### પુનરાવર્તનના પ્રશ્નો

**1. શમુએલની માતા કોણ હતી ?**
**2. ઈશ્વરે પોકાર કર્યો ત્યારે શમુએલ ક્યાં ગયો ?**
**3. ઈશ્વરે શમુએલને કેટલી વાર હાંક મારી ?**
**4. શમુએલે ઈશ્વરને શો જવાબ આપ્યો ?**
**5. આ વાર્તા તમે કોને જણાવશો ?**

**જીવનમાં લાગુકરણ**
આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ : સારું શ્રેષ્ઠ સર્વોત્તમ

## પાઠ - 12

# ઘેટાંપાળક, દાઉદ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** 1 શમુએલ 17:34-35
**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે ઈશ્વર રક્ષણ આપનાર ઘેટાંપાળક છે.
**પાઠનું આયોજન**
**દાઉદની વાર્તા કહો.** 15 મિનિટ
**દાઉદના ચિત્રમાં રંગ પૂરો.** 10 મિનિટ
**પાઠને અનુરૂપ ગીત શીખવો :** 10 મિનિટ
**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** 10 મિનિટ
**મુખપાઠ કલમ :** "યહોવા મારો પાળક છે." ગી.શા. 23:1
**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

**વાર્તાનો સારાંશ**

યશાઈ નામનો એક વ્યક્તિ હતો જેને આઠ પુત્રો હતા.

દાઉદ સૌથી નાનો હતો, તે તેના બાપના ઘેટાં સાચવતો હતો.

ઘેટાંની રખેવાળી કરતી વખતે તે સિતાર વગાડીને ઈશ્વર માટે ગાતો હતો.

તે શૂરવીર પુરુષ હતો અને પરાક્રમી યોદ્ધો હતો, કારણકે ઈશ્વર તેની સાથે હતા. એક દિવસે તે ઘેટાંની સાથે જંગલમાં હતો ત્યારે એક સિંહ આવીને ટોળામાંથી એક ઘેટું લઈને નાસે છે. દાઉદ તે સિંહની પાછળ પડ્યો અને દાઉદે સિંહને મારી નાખ્યો. આ રીતે દાઉદ સિંહના મોંઢામાંથી ઘેટાંને છોડાવી લે છે. એક વખત દાઉદે એક રીંછને પણ આ જ રીતે મારી નાખ્યું હતું.

**બોધપાઠ :** ઈશ્વરને સર્વ શક્ય છે.

**પુનરાવર્તનના પ્રશ્નો**

**1. દાઉદના પિતા કોણ હતા ?**
**2. યશાઈને કેટલા પુત્ર હતા ?**
**3. તેણે સિંહ અને રીંછને કેમ મારી નાખ્યા ?**
**4. ઘેટાં સાચવતી વખતે દાઉદ શું કરતો હતો ?**
**5. તમે આ વાર્તા કોને કહેવાના છો ?**

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ : સારું ☐ શ્રેષ્ઠ ☐ સર્વોત્તમ ☐

## પાઠ - 13
# દાઉદ અને ગોલ્યાથ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** 1 શમુએલ 17મો અધ્યાય

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે જો ઈશ્વર તેમની સાથે હોય તો તેઓ ગમે તેવું કાર્ય પાર પાડી શકે છે.

**પાઠનું આયોજન**

**દાઉદ અને ગોલ્યાથની વાર્તા કહો.** 15 મિનિટ

**દાઉદ અને ગોલ્યાથના ચિત્રમાં રંગ પૂરો.** 10 મિનિટ

**પાઠને અનુરૂપ ગીત શીખવો :** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** ''દેવ પાસેથી આવેલું કોઈપણ વચન પરાક્રમ વગરનું નહીં થશે.'' લૂક 1:37

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

**વાર્તાનો સારાંશ**

જ્યારે શાઉલ ઈસ્રાએલી પ્રજાનો રાજા હતો ત્યારે તેના દુશ્મનો તેની સાથે લડાઈ કરવા આવ્યા. દુશ્મનોની છાવણીમાંથી એક બહાદુર જેનું નામ ગોલ્યાથ હતું તે આગળ આવ્યો અને પડકાર ફેંક્યો કે, ''તમારામાંથી કોઈપણ મારી સાથે લડવા માટે આવે.'' તે ખૂબ જ બળવાન હતો. તેથી ઈસ્રાએલનો રાજા તથા સમગ્ર પ્રજા ભયભીત થઈ.

યુવાન દાઉદે પણ આ વાત સાંભળી. તે ગોલ્યાથ સામે લડવા ગયો. તેણે પોતાની લાકડી અને ગોફણ પોતાના હાથમાં લીધી અને માર્ગમાં આવતા નાળામાંથી પાંચ સુંવાળા પત્થર લીધા.

પછી દાઉદે પોતાની થેલીમાંથી એક પત્થર લીધો અને ગોફણ વડે તે પત્થરને રાક્ષસ સમા માણસ ગોલ્યાથ સામે ફેંક્યો. જે તેના કપાળ પર જઈને વાગ્યો અને ગોલ્યાથ જમીન ઉપર પડી ગયો. દાઉદે ગોલ્યાથની તલવાર લઈને તેનું માથું ધડથી અલગ કરી દીધું. આ રીતે દાઉદે માત્ર ગોફણ અને પત્થર દ્વારા ગોલ્યાથને મારી નાખ્યો.

**બોધપાઠ :** ઈશ્વર હંમેશા તેના બાળકોની સાથે રહે છે.

**પુનરાવર્તનના પ્રશ્નો**

**1. ઈસ્રાએલનો રાજા કોણ હતો ?**

**2.ઈસ્રાએલ સાથે લડવા કોણ આવ્યો હતો ?**

**3. દાઉદે નાળામાંથી કેટલા પત્થર લીધા હતા ?**

**4. ગોલ્યાથને કોણે માર્યો ?**

**5. તમે આ વાર્તા કોને કહેશો ?**

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ : સારું ☐ શ્રેષ્ઠ ☐ સર્વોત્તમ ☐

# પાઠ - 14
# સુલેમાન જ્ઞાન માંગે છે

## શિક્ષક માટે સૂચના

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** 2 કાળવૃત્તાંત 1:7-12
**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે ઈશ્વર જ્ઞાન આપે છે.
**પાઠનું આયોજન**
**સુલેમાનની વાર્તા કહો.** 15 મિનિટ
**સુલેમાનના ચિત્રમાં રંગ પૂરો.** 10 મિનિટ
**પાઠને અનુરૂપ ગીત શીખવો :** 10 મિનિટ
**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** 10 મિનિટ
**મુખપાઠ કલમ :** ''યહોવાનો ભય તે બુદ્ધિનો આરંભ છે.'' ગી.શા. 111:10
**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ

દાઉદ ઈસ્રાએલનો રાજા હતો. તેણે ચાળીસ વર્ષ રાજ કર્યું. તેની જગ્યાએ તેનો દીકરો સુલેમાન રાજા બન્યો. એક દિવસ સુલેમાન દેવના મંદિરમાં જઈને ભજન કરે છે. તે રાત્રે દેવ સુલેમાનને દર્શન આપે છે અને કહે છે કે ''તારે જે જોઈતું હોય તે મારી પાસે માગ'' સુલેમાને દેવની પાસે જ્ઞાન અને બુદ્ધિ માંગ્યા જે વડે તે લોકો પર સારી રીતે રાજ કરી શકે. દાઉદે ઈશ્વર પાસે માંગ્યું કે તેને ડહાપણ તથા વિવેક-બુદ્ધિ આપવામાં આવે કે જેથી આ મોટી પ્રજાનો ન્યાય સારી રીતે થઈ શકે. દેવ તેના આ વિચાર પર પ્રસન્ન થયા અને તેની વિનંતી માન્ય રાખી અને જ્ઞાન અને બુદ્ધિ ઉપરાંત દેવે સુલેમાનને ધન, સંપત્તિ અને માન ને મોભો પણ આપ્યા. સુલેમાનની અગાઉ તેના જેવો કોઈ રાજા થયો ન હતો અને સુલેમાન પછી પણ એવો એકે રાજ થયો નહીં.

**બોધપાઠ :** જો આપણી માંગણી સાચી હોય તો આપણે માંગીએ તે કરતા ઈશ્વર વિશેષ આપે છે.

### પુનરાવર્તનના પ્રશ્નો

**1. સુલેમાનના પિતાનું નામ શું હતું ?**
**2. દાઉદે ઈસ્રાએલ પર કેટલા વર્ષ રાજ કર્યું ?**
**3. સુલેમાને દેવ પાસે શું માંગ્યું ?**
**4. દેવે સુલેમાનને વધારામાં શું આપ્યું ?**
**5. આ વાર્તા તમે કોને કહેશો ?**

**જીવનમાં લાગુકરણ**
આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ : સારું શ્રેષ્ઠ સર્વોત્તમ

## પાઠ - 15

# એલિયા અને કાગડો

### શિક્ષક માટે સૂચના

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** 1 રાજા 17:1-6

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે ઈશ્વરની વાત માનવાથી બદલો મળે છે.

**પાઠનું આયોજન**

**એલિયા અને કાગડાની વાર્તા કહો.** 15 મિનિટ

**એલિયા અને કાગડાના ચિત્રમાં રંગ પૂરો.** 10 મિનિટ

**પાઠને અનુરૂપ ગીત શીખવો :** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** "અનુભવ કરો અને જુઓ કે યહોવા ઉત્તમ છે." ગી.શા. 34:8

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ

ઈસ્રાએલમાં એલિયા નામે એક પ્રબોધક હતો. તે ઈશ્વરનું ભય રાખનાર અને આજ્ઞાઓ પાળનાર હતો. તેના સમયમાં સાડા ત્રણ વર્ષ સુધી ભારે દુકાળ પડ્યો અને આખા દેશમાં અન્નની ખૂબ જ તાણ પડી. દેવે એલિયાને કહ્યું કે તું જઈને કરીથનાળામાં સંતાઈ જા. એલિયા દેવની વાત માનીને ત્યાં ગયો. આ સ્થળે કાગડાઓ દેવની સૂચના પ્રમાણે દરરોજ સવારે અને દરરોજ સાંજે એલિયા માટે રોટલી અને માંસ પૂરું પાડતા હતા અને એલિયા કરીથનાળામાંથી પાણી પીતો હતો. આ રીતે ઈશ્વરે એલિયાને ખવડાવ્યું અને તેનું રક્ષણ કર્યું.

**બોધપાઠ :** ઈશ્વર જે કહે છે તે જો આપણે કરીએ તો દુકાળમાં કે અન્ય પરિસ્થિતિમાં પણ પૂરું પાડે છે.

### પુનરાવર્તનના પ્રશ્નો

1. એલિયા કોણ હતો ?
2. દુકાળ કેટલા વરસ પડ્યો ?
3. દેવે એલિયાને ક્યાં સંતાઈ જવાનું કહ્યું ?
4. એલિયાને ખોરાક પૂરો પાડવા કાગડાઓને કોણે આજ્ઞા કરી ?
5. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ : સારું ☐ શ્રેષ્ઠ ☐ સર્વોત્તમ ☐

## પાઠ - 16
# વિધવાના તેલમાં વૃદ્ધિ

### શિક્ષક માટે સૂચના

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** 2 રાજા 4:1-7
**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે તેમની બધી જ સમસ્યાઓ તે કેવળ ઈશ્વરને જ બતાવે.
**પાઠનું આયોજન**
**વિધવાના તેલમાં વૃદ્ધિની વાર્તા કહો.** 15 મિનિટ
**વિધવાના તેલમાં વૃદ્ધિના ચિત્રમાં રંગ પૂરો.** 10 મિનિટ
**પાઠને અનુરૂપ ગીત શીખવો :** 10 મિનિટ
**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** 10 મિનિટ
**મુખપાઠ કલમ :** ''માણસનો ભરોસો કરવા કરતાં યહોવા પર આધાર રાખવો સારો છે.'' ગી.શા. 118:8
**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ

ઈસ્રાએલમાં એલિશા નામનો મહાન પ્રબોધક હતો. જે એલિયાનો શિષ્ય હતો. એલિશાના ઘણા બધા શિષ્યો હતા. તેમાંથી એકનું મરણ થયું એટલે એ મરનારની વિધવા અને બે બાળકો એકલા પડી ગયા. તેઓ ખૂબ જ ગરીબ હતા તેથી દેવામાં ડૂબી ગયા.


લેણદારો બે જુવાન દીકરાઓને ગુલામ તરીકે લઈ જઈને આ દેવું વસુલવા ચાહતા હતા. ત્યારે આ વિધવાએ રડીને એલિશા આગળ પોતાની વ્યથા કહી સંભળાવી. એલિશાએ કહ્યું કે, ''તારી પાસે ઘરમાં શું છે ? તે મને કહે.'' ત્યારે આ વિધવાએ જવાબ આપ્યો કે, ''એક તાંબડીમાં થોડું તેલ છે તે સિવાય કશું જ નથી'' ત્યારે એલિશાએ કહ્યું કે, ''કેટલાક ખાલી વાસણો આડોશીપાડોશી પાસેથી ભેગાં કર અને તે વાસણોમાં તાંબડીનું તેલ નાખી દે.'' તેણીએ અને તેના દીકરાઓએ જેટલા બને એટલા વાસણો માંગી લાવીને એકત્રિત કર્યા અને પછી પ્રબોધકે જણાવ્યું હતું તે મુજબ કર્યું. તેણીએ બધા જ વાસણો તેલથી ભર્યા અને એકેય વાસણ ખાલી ન રહ્યું. ઈશ્વરે વિધવાના તેલને પુષ્કળ વધારી દીધું અને બાળકોને પણ બચાવી લીધા.

**બોધપાઠ :** તમારા જીવનની કોઈપણ સમસ્યા ઈશ્વર દૂર કરી શકે છે.

### પુનરાવર્તનના પ્રશ્નો

**1. વિધવાને કેટલા દીકરા હતા ?**
**2. વિધવાના ઘરમાં શું હતું ?**
**3. વિધવા અને તેના દીકરાઓએ કેટલા વાસણ ભેગા કર્યા ?**
**4. વિધવાના પુત્રોને કોણ ગુલામ બનાવવા માંગતા હતા ?**
**5. તમે આ વાર્તા કોને કહેવાના છો ?**

**જીવનમાં લાગુકરણ**
આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ : સારું ☐ શ્રેષ્ઠ ☐ સર્વોત્તમ ☐

પાઠ - 17

# નામાન અને નાની છોકરી

## શિક્ષક માટે સૂચના

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** 2 રાજા 5:1-17

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે તેઓ ઈશ્વરની અને મોટેરાંઓની આજ્ઞાનું પાલન કરે.

**પાઠનું આયોજન**

**નામાન અને નાની છોકરીની વાર્તા કહો.** 15 મિનિટ

**નામાન, નદી, નામાનના રથના ચિત્રમાં રંગ પૂરો.** 10 મિનિટ

**પાઠને અનુરૂપ ગીત શીખવો :** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** "યજ્ઞ કરતાં આજ્ઞાપાલન સારું છે." 1 શમુએલ 15:22

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ

અરામ દેશમાં નામાન નામે એક નામાંકિત વ્યક્તિ હતી. તે સૈન્યમાં સેનાપતિ હતો. પરંતુ તે શરીરે કોઢિ હતો. ઈસ્રાએલમાંથી ગુલામ તરીકે લાવવામાં આવેલી એક નાની છોકરી અરામના રાજાની પત્નીની દાસી (ગુલામડી) હતી. આ નાની છોકરી ઈસ્રાએલના પ્રબોધક એલિશા વિશે ઘણું બધું જાણતી હતી. તેના વિશે સાંભળીને નામાન ઈસ્રાએલમાં એલિશાને મળવા માટે ગયો. એલિશાએ નામાનને કહ્યું કે તું યરદન નદીમાં સાત વાર ડૂબકી માર એટલે તારો કોઢ મટી જશે. પ્રબોધકના કહ્યા પ્રમાણે તેણે કર્યું અને આમ કરવાથી તેને તેના કોઢમાંથી સાજાપણું મળ્યું.

નામાને પેલી નાની છોકરીના ઈશ્વરનો આભાર માન્યો અને તેનું ભજન કર્યું.

**બોધપાઠ :** નાના બાળકો મોટેરાંઓને ઈશ્વરની પાસે લાવી શકે છે.

### પુનરાવર્તનના પ્રશ્નો

**1. નામાન કોણ હતો ?**

**2. તેને કઈ બીમારી હતી ?**

**3. નામાનને એલિશા પાસે કોણે મોકલ્યો ?**

**4. એલિશાએ નામાનને શું કરવાનું કહ્યું ?**

**5. તમે આ વાર્તા કોને કહેશો ?**

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ : સારું ☐ શ્રેષ્ઠ ☐ સર્વોત્તમ ☐

# પાઠ - 18
# દાનિયેલ

## શિક્ષક માટે સૂચના

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** દાનિયેલ 6:16-23
**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે દરરોજ પ્રાર્થનાની ટેવ પાડે.
**પાઠનું આયોજન**
**દાનિયેલની વાર્તા જણાવો.** 15 મિનિટ
**દાનિયેલ અને સિંહના બિલના ચિત્રમાં રંગ પૂરો.** 10 મિનિટ
**પાઠને અનુરૂપ ગીત શીખવો :** 10 મિનિટ
**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** 10 મિનિટ
**મુખપાઠ કલમ :** ‘‘સદા પ્રાર્થના કરો.’’ 1 થેસ્સા 5:17
**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

**વાર્તાનો સારાંશ**

બાબેલ દેશના ત્રણ રાજ્યપાલોમાંનો દાનિયેલ એક હતો. તે પ્રાર્થનાવાદી વ્યક્તિ હતો. તે દિવસમાં ત્રણ વાર પ્રાર્થના કરતો હતો. તેના સહકર્મચારીઓ દાનિયેલને બદનામ કરવા ઈચ્છતા હતા, કારણકે તે સતત પ્રાર્થના કરતો હતો. અને ઈશ્વરની બીક રાખતો હતો, તેથી તેઓ દાનિયેલ પર ઈર્ષા કરતા હતા. એક દિવસ બાબેલના રાજાએ કડકમાં કડક નિયમ બનાવ્યો, કે લોકો ત્રીસ દિવસ સુધી કેવળ રાજાને જ પ્રાર્થના કરે. જો કોઈ આ નિયમનો અમલ ન કરે તો તેને સિંહોના બિલમાં નાખી દેવાનું ફરમાન રાજાએ બહાર પાડ્યું હતું. પરંતુ દાનિયેલે રાજાને નહીં પણ ઈશ્વરને પ્રાર્થના કરવાનું ચાલુ રાખ્યું તેથી તેને સિંહોના બિલમાં નાંખવામાં આવ્યો. ઈશ્વરે સિંહોના બિલમાં પોતાના સ્વર્ગદૂતોને મોકલીને સિંહોના મોં બંધ કરાવી દીધા. આ રીતે ઈશ્વરે દાનિયેલને ઉગારી લીધો અને રાજા દાનિયેલ ઉપર ખૂબ જ ખુશ થયા.

**બોધપાઠ :** આપણે દરરોજ પ્રાર્થના કરવી જોઈએ.

**પુનરાવર્તનના પ્રશ્નો**

**1. દાનિયેલ કોણ હતો ?**
**2. તે દિવસમાં કેટલી વાર પ્રાર્થના કરતો હતો ?**
**3. દાનિયેલને ક્યાં નાખવામાં આવ્યો ?**
**4. સિંહોના મોં કોણે બંધ કર્યા ?**
**5. તમે આ વાર્તા કોને કહેશો ?**

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ : સારું ☐ શ્રેષ્ઠ ☐ સર્વોત્તમ ☐

## પાઠ - 19
# ઈસુનો જન્મ

### શિક્ષક માટે સૂચના

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** માથ્થી 2:1-22, લૂક 1:26-38
**પાઠનો ઉદ્દેશ :** બાળકોને ઈસુની વાત કહેવી.
**પાઠનું આયોજન**
**ઈસુના જન્મની વાર્તા જણાવો.** 15 મિનિટ
**સ્વર્ગદૂત, મરિયમના ચિત્રમાં રંગ પૂરો.** 10 મિનિટ
**પાઠને અનુરૂપ ગીત શીખવો :** 10 મિનિટ
**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** 10 મિનિટ
**મુખપાઠ કલમ :** "તેનું નામ ઈમ્માનુએલ પાડવામાં આવશે જેનો અર્થ એ છે કે-દેવ આપણી સાથે." માથ્થી 1:23
**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ

નાઝરેથમાં એક યુવાન છોકરી હતી.

તેણીનું નામ મરિયમ હતું. તેનું વેવિશાળ યુસફ સાથે નક્કી થયું હતું. એક દિવસ ગ્રાબ્રિએલ દૂત મરિયમની પાસે આવીને કહે છે કે, "તને એક દીકરો જન્મશે તેનું નામ તું ઈસુ પાડજે." એક દિવસ યુસફ અને મરિયમ બેથલેહેમ જઈ રહ્યા હતા. જ્યારે તેઓ બેથલેહેમમાં હતાં ત્યારે મરિયમને દીકરાનો જન્મ થવાનો સમય થયો તેથી તેઓએ ધર્મશાળામાં રૂમ ભાડે રાખવાનું વિચાર્યું, પણ ધર્મશાળામાં જગ્યા ન હોવાથી તેમને રૂમ મળ્યો નહીં, તેથી મરિયમે નવા જન્મેલા બાળ ઈસુને કપડામાં લપેટીને ગભાણમાં સુવાડ્યા.

**બોધપાઠ :** આપણા સર્વ માટે ઈસુ એ દેવ બાપની સૌથી મોટી ભેટ છે.

### પુનરાવર્તનના પ્રશ્નો

1. મરિયમ ક્યાં રહેતી હતી ?
2. મરિયમનું વેવિશાળ કોની સાથે નક્કી થયું હતું ?
3. સ્વર્ગદૂતે મરિયમને શું કહ્યું ?
4. તેઓએ બાળ ઈસુને ક્યાં મૂક્યા ?
5. તમે આ વાર્તા કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ : સારું [ ] શ્રેષ્ઠ [ ] સર્વોત્તમ [ ]

## પાઠ - 20
# દૂતો અને ભરવાડો

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** લૂક 2:8-20
**પાઠનો ઉદ્દેશ :** બાળકોને સુવાર્તા સમજાવવી.
**પાઠનું આયોજન**
**દૂતો અને ભરવાડોની વાત કહો.** 15 મિનિટ
**દૂત અને ભરવાડોના ચિત્રોમાં રંગ પૂરો.** 10 મિનિટ
**પાઠને અનુરૂપ ગીત શીખવો :** 10 મિનિટ
**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** 10 મિનિટ
**મુખપાઠ કલમ :** "જુઓ હું મોટા આનંદની સુવાર્તા તમને કહું છું અને તે સર્વ લોકોને માટે ધરો." લૂક 2:10
**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

**વાર્તાનો સારાંશ**

કેટલાક ભરવાડો રાત્રે ખેતરમાં તેમના ઘેટા સાચવતા હતા. પ્રભુનો એક દૂત તેઓને દેખાયો અને તેમની આસપાસ પ્રભુનો ગૌરવ પથરાયો. આ જોઈને ભરવાડો ગભરાઈ ગયા. પરંતુ દૂતોએ તેમને કહ્યું કે, "ગભરાશો નહીં, હું તમને મોટા આનંદની સુવાર્તા કહું છું. શુભ સમાચાર આપવા આવ્યો છું. આજે બેથલેહેમમાં બાળ ઈસુનો જન્મ થયો છે." ત્યાર પછી તરત જ બીજા ઘણા બધા દૂતો તેમને દેખાયા જેઓ દેવની સ્તુતિ કરતા હતા ત્યારબાદ ભરવાડોને કહેવામાં આવ્યું હતું તે મુજબ તેઓ બેથલેહેમમાં ગયા અને બાળ ઈસુને ગભાણમાં સૂતેલા તેમણે જોયા. બાળ ઈસુને જોઈને તેઓ ખૂબ જ આનંદિત થયા અને દેવની સ્તુતિ કરતા કરતા પાછા ફર્યા.


**બોધપાઠ :** બાળ ઈસુનો જન્મ એ સર્વ લોકોને માટે શુભ સમાચાર છે.

**પુનરાવર્તનના પ્રશ્નો**

**1. શુભ સમાચાર કોણ લાવ્યું ?**
**2. બાળ ઈસુને જોવા માટે ભરવાડો ક્યાં ગયા ?**
**3. તેઓએ બાળ ઈસુને કઈ જગ્યાએ જોયા ?**
**4. બાળ ઈસુને જોઈને ભરવાડોએ શું કર્યું ?**
**5. આ વાર્તા તમે કોને કહેશો ?**

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ : સારું ☐ શ્રેષ્ઠ ☐ સર્વોત્તમ ☐

## પાઠ - 21
# માગીઓ અને તેમની બક્ષીસો

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** માથઅથી 2:1-12
**પાઠનો ઉદ્દેશ :** બાળકો દાન આપતા શીખે તેવું કરો.
**પાઠનું આયોજન**
**માંગીઓની વાર્તા કહો.** 15 મિનિટ
**માંગીઓ અને તેમની બક્ષીસોના ચિત્રમાં રંગ પૂરો.** 10 મિનિટ
**પાઠને અનુરૂપ ગીત શીખવો :** 10 મિનિટ
**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** 10 મિનિટ
**મુખપાઠ કલમ :** "અને તેઓ તારાને જોઈને મહા આનંદથી હરખાયા." માથ્થી 2:10
**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

**વાર્તાનો સારાંશ**

હેરોદ યહુદિયા પ્રાન્તનો રાજા હતો.
એ સમયે યહુદિયાના બેથલેહેમમાં ઈસુનો જન્મ થયો.
પૂર્વના કેટલાક માંગીઓએ ખાસ પ્રકારનો આકાશમાં તારો જોયો.
આ ખાસ પ્રકારના તારાને જોઈને તેઓને લાગ્યું કે નક્કી બેથલેહેમમાં એક નવો રાજા જન્મ્યો છે.
આ તારાની પાછળ-પાછળ ચાલીને તેઓ બેથલેહેમ સુધી આવ્યા અને એક ઘરમાં જઈને બાળ ઈસુને મરિયમ અને યુસફની સાથે જુએ છે.
તેઓ નીચા વળીને બાળ ઈસુનું ભજન કરે છે.
ત્યાર પછી તેમણે સોનું, બોળ અને લોબાનની બક્ષીસો ઈસુને ભેટ ધરી.

**બોધપાઠ :** આપણી પાસે જે છે તે ઈશ્વરને ભેટમાં આપવું જોઈએ.

**પુનરાવર્તનના પ્રશ્નો**

1. **યહુદિયાનો રાજા કોણ હતો ?**
2. **માંગીઓએ આકાશમાં શું જોયું ?**
3. **બાળ ઈસુને તેઓએ ક્યાં જોયા ?**
4. **તેઓએ કઈ બક્ષીશ આપી ?**
5. **આ વાર્તા તમે કોને કહેશો ?**

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ : સારું ☐ શ્રેષ્ઠ ☐ સર્વોત્તમ ☐

## પાઠ - 22
# માછલીઓ ચમત્કારિક રીતે પકડાઈ

### શિક્ષક માટે સૂચના

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** લૂક 5:1-11
**પાઠનો ઉદ્દેશ :** આજ્ઞાપાલનના મહત્ત્વને બનાવવું.
**પાઠનું આયોજન**
**માછલીઓની ચમત્કારિક પકડ એ વાર્તા કહો.** 15 મિનિટ
**હોડી, શિષ્ય, માછલીઓ એ ચિત્રમાં રંગ પૂરો.** 10 મિનિટ
**પાઠને અનુરૂપ ગીત શીખવો :** 10 મિનિટ
**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** 10 મિનિટ
**મુખપાઠ કલમ :** ''હવેથી હું તને માણસો પકડનાર બનાવીશ.'' લૂક 5:10
**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ

એક દિવસ પ્રભુ ઈસુ ગાલીલના સમુદ્ર કાંઠે ઊભા હતા. તેમણે સિમોન પિત્તરની હોડી જોઈ અને લોકો સાથે વાતચીત કરવા માટે ઈસુ હોડીમાં બેઠા. જયારે તે વાતચીત કરી રહ્યા ત્યાર પછી તેમણે સિમોન પિત્તરને કહ્યું કે, ''તારી હોડી ઊંડા પાણીમાં લઈ જા અને માછલીઓ પકડવા જાળ નાખ.'' સિમોને ઈસુને જવાબ આપ્યો કે, અમે આખી રાત મહેનત કરી પણ કશું પકડાયું નહીં. તેમ છતાં તેણે ઈસુની વાત માની અને પોતાની જાળો ઊંડા પાણીમાં નાખી. પછી તેમની જાળ ફાટી જાય એટલી બધી માછલી પકડાઈ. તેથી તેઓએ તેમના મિત્રોને મદદ માટે બોલાવ્યા. જેઓ બીજી હોડીઓ પર હતા. તેઓ બધાએ આવીને હોડીઓ ડૂબી જવાની થોડી જ બાકી રહે એટલે સુધી માછલીઓ ભરી.


**બોધપાઠ :** ઈશ્વર તમારી ચિંતા કરે છે.

### પુનરાવર્તનના પ્રશ્નો

**1. લોકો સાથે વાત કરવા ઈસુ કોની હોડીમાં બેઠા ?**
**2. ઈસુએ પિત્તરને શું કહ્યું ?**
**3. તેઓએ કેટલી માછલી પકડી ?**
**4. માછલીઓથી તેઓએ કેટલી હોડી ભરી ?**
**5. તમે આ વાર્તા કોને કહેશો ?**

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ : સારું ☐ શ્રેષ્ઠ ☐ સર્વોત્તમ ☐

# પાઠ - 23
# કાના ગામમાં લગ્ન

## શિક્ષક માટે સૂચના

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** યોહાન 2:1-11
**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે ઈસુ અદ્‌ભુત કાર્ય કરે છે.
**પાઠનું આયોજન**
**કાનામાં લગ્નની વાત જણાવો.** 15 મિનિટ
**યીશુ, શિષ્યોના ચિત્રમાં રંગ પૂરો.** 10 મિનિટ
**પાઠને અનુરૂપ ગીત શીખવો :** 10 મિનિટ
**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** 10 મિનિટ
**મુખપાઠ કલમ :** "જે કંઈ તે તમને કહે તે કરો." યોહાન 2:5
**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ

એક દિવસ કાના ગામમાં લગ્ન હતું. ઈસુ અને તેમના શિષ્યોને લગ્નમાં આમંત્રણ હતું. ઈસુની મા પણ લગ્નમાં હાજર હતી. મરિયમે ઈસુને જણાવ્યું કે, "તેમની પાસે દ્રાક્ષારસ ખતમ થઈ ગયો છે અને તેમની પાસે હવે દ્રાક્ષારસ રહ્યો નથી." ઈસુએ ચાકરોને કહ્યું કે, "કુંડાઓ પાણીથી ભરો." ચાકરોએ કુંડાઓને પાણીથી છલાછલ ભર્યા. જમણના કારભારીએ પાણીને ચાખ્યું ત્યાં સુધીમાં તે દ્રાક્ષારસ બની ચૂક્યું હતું. ઈસુએ પાણીનો દ્રાક્ષારસ બનાવ્યો. ઈસુએ કરેલા ઘણા બધા ચમત્કારોમાંનો આ પ્રથમ ચમત્કાર હતો.

**બોધપાઠ :** ઈસુ તમને પૂરેપૂરી રીતે બદલી શકે છે.

### પુનરાવર્તનના પ્રશ્નો

1. લગ્ન ક્યાં હતું ?
2. મરિયમે ઈસુને શું કહ્યું ?
3. ઈસુએ સેવકોને શું કહ્યું ?
4. ઈસુનો પ્રથમ ચમત્કાર કયો હતો ?
5. તમે આ વાર્તા કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**
આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ : સારું ☐ શ્રેષ્ઠ ☐ સર્વોત્તમ ☐

પાઠ - 24

# ઈસુ બાળકોને પ્રેમ કરે છે

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** માથ્થી 19:13-15
**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે ઈસુ બાળકોને માન આપે છે.
**પાઠનું આયોજન**
**ઈસુ અને બાળકોની વાત જણાવો.** 15 મિનિટ
**ઈસુ અને બાળકોના ચિત્રમાં રંગ પૂરો.** 10 મિનિટ
**પાઠને અનુરૂપ ગીત શીખવો :** 10 મિનિટ
**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** 10 મિનિટ
**મુખપાઠ કલમ :** ''હે યહોવા, મારા સામર્થ્ય, હું તારા પર પ્રીતિ રાખું છું.'' ગી. શા. 18:1
**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

**વાર્તાનો સારાંશ**

મા-બાપ પોતાના બાળકોને ઈસુ પાસે લાવ્યા કે જેથી તેઓને સારું ઈસુ પ્રાર્થના કરે.

પરંતુ શિષ્યોએ તેઓને ધમકાવ્યા.

આ જોઈને ઈસુએ શિષ્યોને કહ્યું કે, ''બાળકોને મારી પાસે આવવા દો, ને તેઓને વારો મા.''

ઈસુએ બાળકો ઉપર હાથ મૂકીને તેઓને આશીર્વાદ આપ્યા.

ઈસુએ કહ્યું કે ''જે કોઈ બાળકની પેઠે ઈશ્વરના રાજ્યનો સ્વીકાર કરતું નથી તે તેમાં પ્રવેશ કરી શકતું નથી.''

**બોધપાઠ :** આશીર્વાદ પામવા માટે આપણે ઈસુ પાસે જવું જોઈએ.

**પુનરાવર્તનના પ્રશ્નો**

1. મા-બાપ પોતાના બાળકોને ઈસુની પાસે કેમ લાવ્યા ?
2. શિષ્યોએ શું કર્યું ?
3. ઈસુએ નાના બાળકોને શું કર્યું ?
4. ઈસુએ લોકોને શું કહ્યું ?
5. તમે આ વાર્તા કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ : સારું ☐ શ્રેષ્ઠ ☐ સર્વોત્તમ ☐

## પાઠ - 25
# ડાહ્યો અને મૂર્ખ ઘર બાંધનાર

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** માથ્થી 7:24-27
**પાઠનો ઉદ્દેશ :** બાળકોને દેવની વાત માનતા શીખવવું.
**પાઠનું આયોજન**
**ડાહ્યા અને મૂર્ખ બાંધનારની વાત કહેવી.** 15 મિનિટ
**વિવિધ મકાનના ચિત્રોમાં રંગ પૂરો.** 10 મિનિટ
**પાઠને અનુરૂપ ગીત શીખવો :** 10 મિનિટ
**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** 10 મિનિટ
**મુખપાઠ કલમ :** ''હું ખરા હૃદયથી તારી આભાર સ્તુતિ કરીશ.'' ગીતશાસ્ત્ર 138:1
**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

**વાર્તાનો સારાંશ**

બે મકાન બાંધનારા હતા. તેમાંનો એક ડાહ્યો હતો. અને બીજો મૂર્ખ હતો. ડાહ્યા માણસે તેનું ઘર ખડક પર બાંધ્યું હતું પરંતુ મૂર્ખ માણસે તેનું ઘર રેતી પર બાંધ્યું. જ્યારે વરસાદ અને વાવાઝોડું આવ્યું અને પૂર આવ્યું ત્યારે પુષ્કળ પવન ફૂંકાયો અને હવાના ભારે મોજાં બન્ને ઘર ઉપર સપાટા મારવા લાગ્યા. મૂર્ખ માણસનું ઘર તૂટી પડ્યું જ્યારે ડાહ્યા માણસનું ઘર પડી ગયું નહીં, કેમકે તેનો પાયો ખડક પર નાંખ્યો હતો.

**બોધપાઠ :** ઈસુ જે કહે તે આપણે કરવું જોઈએ.

**પુનરાવર્તનના પ્રશ્નો**

1. ડાહ્યા માણસે તેનું ઘર શાની ઉપર બાંધ્યું ?
2. મૂર્ખ માણસે તેનું ઘર શાની ઉપર બાંધ્યું ?
3. ડાહ્યા માણસના ઘરનું શું થયું ?
4. મૂર્ખ માણસના ઘરનું શું થયું ?
5. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ : સારું [ ] શ્રેષ્ઠ [ ] સર્વોત્તમ [ ]

પાઠ - 26

# દશ કોઢિઆઓ

## શિક્ષક માટે સૂચના

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** લૂક 17:11-19

**પાઠનો ઉદ્દેશ :** દરેક બાબતમાં આભાર માનવાનું બાળકોને શીખવવું.

**પાઠનું આયોજન**

**દશ કોઢિની વાર્તા કહેવી.** 15 મિનિટ

**દશ કોઢિના ચિત્રમાં રંગ પૂરો.** 10 મિનિટ

**પાઠને અનુરૂપ ગીત શીખવો :** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** ''રે મારા આત્મા, યહોવાને સ્તુત્ય માન, તેના સર્વ ઉપકારો તું ભૂલી ન જા.'' ગીતશાસ્ત્ર 103:2

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ

જ્યારે ઈસુ એક ગામમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે દશ કોઢિઆઓ ઈસુને મળ્યા અને મોટેથી બૂમ પાડીને કહ્યું કે, ''હે પ્રભુ, હે સ્વામી, અમારા પર દયા કરો.'' ઈસુએ તેઓને કહ્યું કે તમે જઈને તમારા શરીરો યાજકોને બતાવો. આ સાંભળીને તેઓ યાજકો પાસે જવા માટે ચાલી નીકળ્યા અને જતાં જતાં રસ્તામાં તેઓ સાજા થયા.

તેઓમાંથી એક જણ પાછા આવ્યો અને ઈસુનો આભાર માન્યો. બાકીના નવ જણે ઈસુનો આભાર ન માન્યો.

**બોધપાઠ :** ઈશ્વરે આપણા માટે જે લાભકારક કર્યું છે તે માટે આભાર માનીએ.

**પુનરાવર્તનના પ્રશ્નો**

**1. ઈસુને કેટલા કોઢિઆ મળ્યા ?**

**2. ઈસુને જોઈને તેઓએ શું કર્યું ?**

**3. તેઓમાંથી કેટલા જણ સાજા થયા ?**

**4. તેઓમાંથી કેટલા જણે ઈસુનો આભાર માન્યો ?**

**5. આ વાર્તા તમે કોને કહેશો ?**

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ : સારું ☐ શ્રેષ્ઠ ☐ સર્વોત્તમ ☐

## પાઠ - 27
# આંધળા માણસનું દેખતા થવું

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** માર્ક 10:46-52
**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે ઈસુ દયાળુ છે તેથી તે આપણી પ્રાર્થના અને કાલાવાલા સાંભળશે.
**પાઠનું આયોજન**
**આંધળા માણસની વાર્તા જણાવો.** 15 મિનિટ
**આંધળા માણસના ચિત્રમાં રંગ પૂરો.** 10 મિનિટ
**પાઠને અનુરૂપ ગીત શીખવો :** 10 મિનિટ
**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** 10 મિનિટ
**મુખપાઠ કલમ :** "જા, તારા વિશ્વાસે તને બચાવ્યો છે." માર્ક 10:52
**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

**વાર્તાનો સારાંશ**

બાર્તિમાય નામનો અંધ માણસ યરીખોમાં રહેતો હતો. તે આંધળો હતો તેમજ ભિખારી હતો. એક દિવસ માર્ગની કોરે તે ભીખ માંગવા બેઠો હતો ત્યારે તેના સાંભળવામાં આવ્યું કે ઈસુ ત્યાંથી પસાર થઈ રહ્યા છે.

તે મોટેથી પોકારવા લાગ્યો કે, "ઈસુ, મારા પર દયા કર." ઈસુ થોભ્યા અને તેને પૂછ્યું કે, "હું તારે સારું શું કરું, એ વિશે તારી શી ઈચ્છા છે ?"

આંધળાએ જવાબ આપ્યો કે, "સ્વામી હું દેખતો થાઉં." ઈસુએ તરત તેને દેખતો કર્યો અને તે આસપાસની ચીજોને જોવા લાગ્યો.

**બોધપાઠ :** જો આપણે ઈસુને હાંક મારીએ તો ઈસુ આપણા પર દયા કરે છે.

**પુનરાવર્તનના પ્રશ્નો**

**1. બાર્તિમાય ક્યાં રહેતો હતો ?**
**2. બાર્તિમાય કોણ હતો ?**
**3. તેણે ઈસુને શું કહ્યું ?**
**4. ઈસુએ તેને શું પૂછ્યું ?**
**5. આ વાર્તા તમે કોને કહેશો ?**

**જીવનમાં લાગુકરણ**
આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ : સારું ☐ શ્રેષ્ઠ ☐ સર્વોત્તમ ☐

# પાઠ - 28
# યાઈરની દીકરી

## શિક્ષક માટે સૂચના

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** માર્ક 5:21-24, 35-43
**પાઠનો ઉદ્દેશ :** બાળકોને વિશ્વાસ સહિત પ્રાર્થના કરતા શીખવો.
**પાઠનું આયોજન**
**યાઈર અને તેની દીકરીની વાર્તા જણાવો.** 15 મિનિટ
**યાઈર અને તેની દીકરીના ચિત્રમાં રંગ પૂરો.** 10 મિનિટ
**પાઠને અનુરૂપ ગીત શીખવો :** 10 મિનિટ
**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** 10 મિનિટ
**મુખપાઠ કલમ :** ''બી મા, માત્ર વિશ્વાસ રાખ.'' માર્ક 5:36
**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

**વાર્તાનો સારાંશ**

એક દિવસ યાઈર નામનો એક જણ ઈસુની પાસે આવ્યો. તે ઈસુના પગમાં પડી ગયો અને મોટે અવાજે વિનંતી કરવા લાગ્યો કે, ''મારી દીકરી મરવાની અણી પર છે તો મહેરબાની કરીને તમે મારા ઘરે આવો અને તેને સાજી કરો.'' ઈસુ તેની સાથે ગયા. જ્યારે તેઓ હજુ રસ્તામાં હતા ત્યારે લોકો યાઈરને મળીને જણાવેછે કે, ''તારી દીકરી મરી ગઈ છે.'' પણ ઈસુએ યાઈરને કહ્યું કે, બી મા, માત્ર વિશ્વાસ રાખ. ઈસુ એ નાની દીકરીને પોતાના હાથમાં લઈને તેને કહે છે કે, ''છોકરી, હું તને કહું છું, ઊઠ.'' અને તરત તે છોકરી ઊઠીને ચાલવા લાગી. આ રીતે ઈસુએ એ મરેલી છોકરીને જીવતી કરી.

**બોધપાઠ :** ઈશ્વર પરના આપણા વિશ્વાસ વડે બીક દૂર થાય છે.

**પુનરાવર્તનના પ્રશ્નો**

**1. કોની દીકરી મરણમાંથી જીવતી થઈ ?**
**2. ઈસુએ યાઈરને શું કહ્યું ?**
**3. લોકોએ યાઈરને તેની દીકરી સંબંધી શું કહ્યું ?**
**4. ઈસુએ નાની દીકરીને શું કહ્યું ?**
**5. તમે આ વાર્તા કોને કહેશો ?**

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ : સારું ☐ શ્રેષ્ઠ ☐ સર્વોત્તમ ☐

## પાઠ - 29
# ઈસુ અને જાખ્ખી

### શિક્ષક માટે સૂચના

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** લૂક 19:1-10
**પાઠનો ઉદ્દેશ :** બાળકોને ઈશ્વર પાસે માફી માંગતા શીખવો.
**પાઠનું આયોજન**
**જાખ્ખીની વાર્તા કહો.** 15 મિનિટ
**જાખ્ખીના ચિત્રમાં રંગ પૂરો.** 10 મિનિટ
**પાઠને અનુરૂપ ગીત શીખવો :** 10 મિનિટ
**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** 10 મિનિટ
**મુખપાઠ કલમ :** ‘‘ખોવાયેલું શોધવા તથા તારવા સારું માણસનો દીકરો આવ્યો છે.’’ લૂક 19:10
**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ

યરીખોમાં જાખ્ખી નામનો એક માણસ હતો. તે કર વસૂલનાર મુખ્ય અધિકારી હતો અને ધનવાન હતો. જ્યારે ઈસુ યરીખોમાંથી જઈ રહ્યા હતા ત્યારે તે ઈસુને જોવા ઈચ્છતો હતો. લોકોની પુષ્કળ ભીડને કારણે જાખ્ખી ઈસુને જોઈ શક્યો નહીં. કારણકે તે ઠીંગણો હતો. તેથી તે ગુલ્લર ઝાડ પર ચઢી ગયો. ઈસુ જ્યારે આ સ્થળે આવ્યા ત્યારે ઊંચે જોઈને તેને કહ્યું કે, ‘‘જાખ્ખી, તું જલ્દી ઉતરી આવ, કેમકે આજ મારે તારે ઘેર ઉતરવાનું છે.’’ તે ઝડપથી નીચે ઉતરી આવ્યો અને તેણે આનંદથી ઈસુનો આવકાર કર્યો. જાખ્ખીએ તના પાપ કબૂલ કર્યા અને ઈસુએ તેને માફ કર્યા. આ રીતે જાખ્ખી ઈશ્વરનું બાળક બની ગયો.

**બોધપાઠ :** જો તમે તમારા પાપ કબૂલ કરો તો ઈસુ તમને માફી આપે છે.

**પુનરાવર્તનના પ્રશ્નો**

**1. જાખ્ખી ક્યાં રહેતો હતો ?**
**2. જાખ્ખી કોણ હતો ?**
**3. ઈસુને જોવા માટે તેણે શું કર્યું ?**
**4. ઈસુએ જાખ્ખીને શું કહ્યું ? ઈસુએ જાખ્ખીને ક્યારે માફી આપી ?**
**5. તમે આ વાર્તા કોને કહેશો ?**

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ : સારું ☐ શ્રેષ્ઠ ☐ સર્વોત્તમ ☐

## પાઠ - 30
# ઈસુએ પાંચ હજાર માણસોને જમાડ્યા

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** યોહાન 6:1-13
**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે તે સ્વાર્થી ન બને.
**પાઠનું આયોજન**
**ઈસુનું પાંચ હજાર લોકોને જમાડવું તે વાર્તા કહો.** 15 મિનિટ
**ઈસુ, ટોળું (ભીડ), નાનો છોકરો, માછલીના ચિત્રમાં રંગ પૂરો.** 10 મિનિટ
**પાઠને અનુરૂપ ગીત શીખવો :** 10 મિનિટ
**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** 10 મિનિટ
**મુખપાઠ કલમ :** "હું જીવનની રોટલી છું." યોહાન 6:35
**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

**વાર્તાનો સારાંશ**

ઈસુને સાંભળવા માટે એક દિવસ ઘણા લોકો એકઠા થયા. તેઓએ આખો દિવસ ઈસુની વાતો સાંભળી. તે લોકો જમ્યા ન હોવાથી ઈસુને તેઓ પર દયા આવી. ઈસુએ શિષ્યોને કહ્યું કે તેઓ તેમને ખાવાનું આપે. પરંતુ ખાવાનું આપવા માટે તેમની પાસે કંઈ જ ન હતું. ત્યાં એક છોકરો હતો, જેની પાસે પાંચ રોટલી અને બે માછલી હતી. આ છોકરાએ આ વસ્તુઓ ઈસુને આપી. ઈસુએ રોટલી અને માછલી લઈને ઈશ્વરની આભારસ્તુતિ કરીને ભાંગી અને લોકોને વહેંચાવી. તે દિવસે આશરે પાંચ હજાર પુરુષો, તેમની પત્નીઓ અને બાળકો હતા, જેઓએ આશ્ચર્યજનક રીતે ખોરાક ખાધો. વધેલા ખોરાકના ટુકડાઓની બાર ટોપલી શિષ્યોએ ભરી.

**બોધપાઠ :** તમારી વસ્તુઓ બીજાઓને વહેંચો.

**પુનરાવર્તનના પ્રશ્નો**

**1. ત્યાં કેટલા પુરુષો હતા ?**
**2. ઈસુને લોકો પર દયા કેમ આવી ?**
**3. વધેલા ટુકડાની કેટલી ટોપલી ભરાઈ ?**
**4. એ છોકરાએ ઈસુને શું આપ્યું ?**
**5. તમે આ વાર્તા કોને કહેશો ?**

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ : સારું ☐ શ્રેષ્ઠ ☐ સર્વોત્તમ ☐

## પાઠ - 31
# હોસાન્ના

### શિક્ષક માટે સૂચના

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** માથ્થી 21:1-11

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે તેઓ ઈસુ વિશે બીજાઓને કહે.

**પાઠનું આયોજન**

**ઈસુનો શહેરમાં પ્રવેશ તે વાર્તા કહો.** 15 મિનિટ

**ઈસુ, ગધેડું અને ભીડ એ ચિત્રમાં રંગ પૂરો.** 10 મિનિટ

**પાઠને અનુરૂપ ગીત શીખવો :** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** ''દાઉદના દીકરાને હોસાન્ના, પ્રભુને નામે જે આવે છે તે આશીર્વાદિત છે, પરમ ઊંચામાં હોસાન્ના.'' માથ્થી 21:9

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ

એક દિવસ ઈસુએ પોતાના બે શિષ્યોને ગધેડી અને તેનું બચ્ચું લાવવા માટે મોકલ્યા. તે બે શિષ્યોએ જોયું કે ગધેડી અને તેનું બચ્ચું સાથે બાંધેલું હતું. જ્યારે તેઓ તેને છોડવા લાગ્યા ત્યારે માલિકે તેઓને પૂછ્યું, ''તમે મારી ગધેડીને કેમ છોડો છો ?'' શિષ્યોએ કહ્યું કે, ''ઈસુને તેનો ખપ છે.'' તેઓએ ગધેડી અને તેના બચ્ચાને લીધું અને ઈસુ પાસે લાવ્યા એટલે ઈસુ તેના પર બેઠા.

ખૂબ જ મોટી ભીડમાંના લોકોમાંના ઘણાખરાએ હાથમાં ખજૂરીની ડાળીઓ લીધી અને મોટેથી કહેવા લાગ્યા કે, ''દાઉદના દીકરાને હોસાન્ના. પરમ ઊંચામાં હોસાન્ના.''

**બોધપાઠ :** ગધેડાની જેમ આપણે ઈસુને ઊંચકવા જોઈએ.

### પુનરાવર્તનના પ્રશ્નો

**1. ગધેડીને લાવવા ઈસુએ કેટલા શિષ્યોને મોકલ્યા ?**
**2. ગધેડીના માલિકે શિષ્યોને શું કહ્યું ?**
**3. શિષ્યોએ એ માલિકને શું કહ્યું ?**
**4. ઈસુએ ગધેડીનું શું કર્યું ?**
**5. ઈસુ ગધેડા પર બેઠા ત્યારે લોકોએ શું કર્યું ?**
**6. તમે આ વાર્તા કોને કહેશો ?**

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ : સારું ☐ શ્રેષ્ઠ ☐ સર્વોત્તમ ☐

## પાઠ - 32
# ઈસુનું વધસ્તંભે જડાવું

### શિક્ષક માટે સૂચના

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** માથ્થી ૨7:3૨-66
**પાઠનો ઉદ્દેશ :** બાળકોને ઈસુના મરણ બાબતે શીખવવું.
**પાઠનું આયોજન**
**ઈસુના મરણની વાર્તા કહેવી.** 15 મિનિટ
**ઈસુ અને વધસ્તંભના ચિત્રમાં રંગ પૂરો.** 10 મિનિટ
**પાઠને અનુરૂપ ગીત શીખવો :** 10 મિનિટ
**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** 10 મિનિટ
**મુખપાઠ કલમ :** "તેના પુત્ર ઈસુનું લોહી આપણને સઘળા પાપથી શુદ્ધ કરે છે." 1 યોહાન 1:7
**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ

એક રાતે ઈસુ ગેથસેમાની વાડીમાં તેના શિષ્યો સાથે પ્રાર્થના કરતા હતા. તે વખતે રોમન સૈનિકો અને કેટલાક યહુદી આગેવાનો ઈસુને પકડવાને આવ્યા. તેઓના હાથમાં મસાલ, ફાનસ અને હથિયારો હતા. ઈસુના એક શિષ્ય યહુદાએ દગો કર્યો હતો. તેથી આ લોકોએ ઈસુને પકડ્યા અને મુખ્ય યાજક, રોમન સરદાર અને રાજા પાસે લઈ ગયા અને ઈસુ ગુનેગાર છે તેવી રજૂઆત કરી, પરંતુ કેસ ચાલતા ઈસુ નિર્દોષ સાબિત થયા. તેમ છતાં લોકોએ પીલાત પર એવું દબાણ કર્યું કે તે ઈસુને વધસ્તંભ પર જડે. આ રીતે ઈસુએ આપણા સર્વના પાપ માટે વધસ્તંભ પર પોતાનો જીવ આપ્યો.

**બોધપાઠ :** આપણે ઈસુ પર પ્રેમ કરવો જોઈએ. કારણકે તેમણે આપણા માટે જીવ આપ્યો.

### પુનરાવર્તનના પ્રશ્નો

**1. ઈસુ તેમના શિષ્યો સાથે ક્યાં પ્રાર્થના કરતા હતા ?**
**2. ઈસુને કોણે પકડાવ્યા ?**
**3. ઈસુને વધસ્તંભ પર જડવાની સજા કોણે ફરમાવી ?**
**4. ઈસુએ વધસ્તંભ પર પોતાનો જીવ કેમ આપ્યો ?**
**5. આ વાર્તા તમે કોને કહેશો ?**

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ : સારું ☐ શ્રેષ્ઠ ☐ સર્વોત્તમ ☐

## પાઠ - 33

# ઈસુનું પુનરુત્થાન

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** યોહાન 20:1-18
**પાઠનો ઉદ્દેશ :** બાળકો શીખે કે ઈસુ જીવતા થયા છે.
**પાઠનું આયોજન**
**ઈસુના પુનરુત્થાનની વાર્તા કહો.** 15 મિનિટ
**દૂત અને કબરના ચિત્રમાં રંગ પૂરો.** 10 મિનિટ
**પાઠને અનુરૂપ ગીત શીખવો :** 10 મિનિટ
**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** 10 મિનિટ
**મુખપાઠ કલમ :** ‘‘પુનરુત્થાન તથા જીવન હું છું.’’ યોહાન 11:25
**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

**વાર્તાનો સારાંશ**

ઈસુ શુક્રવારના દિવસે મરી ગયા. બીજો દિવસ શાબ્બાથનો દિવસ હતો. તેથી રવિવારની વહેલી સવારે મરિયમ માગદાલેણ કબર પર ગઈ. કબર ખાલી જોઈને મરિયમને ખૂબ આશ્ચર્ય થયું. તેણે કબરની અંદર સફેદ વસ્ત્ર પહેરેલા બે દૂતો જોયા. સ્વર્ગદૂતે તેને પૂછ્યું, ‘‘બાઈ, તું મરેલાઓની મધ્યે જીવતાને કેમ શોધે છે ?’’ તે જ સમયે મરિયમે પાછા વળીને જોયું તો ઈસુ ત્યાં ઊભા હતા પરંતુ તે તેમને ઓળખી શકી નહીં. મરિયમે તેમને માળી સમજીને પૂછ્યું કે ‘‘ઈસુના શબને તમે ક્યાં લઈ ગયા છો ?’’ ત્યારે ઈસુએ તેને કહ્યું, ‘‘મરિયમ !’’ તરત જ મરિયમ તે તરફ વળી અને બોલી, ‘‘સ્વામી’’ મરિયમ માગદાલેણ શિષ્યોની પાસે પાછી ગઈ અને કહ્યું કે પુનરુત્થાન પામેલા ઈસુને મેં જોયા છે.


**બોધપાઠ :** ઈસુએ મૃત્યુને હરાવ્યું.

**પુનરાવર્તનના પ્રશ્નો**

**1. મરિયમે કબર પર શું જોયું ?**
**2. દૂતે મરિયમને શું કહ્યું ?**
**3. પુનરુત્થાન પામેલા ઈસુને મરિયમે શું કહ્યું ?**
**4. તમે આ વાર્તા કોને કહેશો ?**

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ : સારું ☐ શ્રેષ્ઠ ☐ સર્વોત્તમ ☐

## પાઠ - 34
# ઈસુએ શિષ્યોને આપેલ દર્શન

### શિક્ષક માટે સૂચના

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** લૂક 24:36-49
**પાઠનો ઉદ્દેશ :** બાળકોને ઈસુના શબ્દો પર વિશ્વાસ કરતા શીખવો.
**પાઠનું આયોજન**
**ઈસુએ શિષ્યોને આપેલ દર્શનની વાર્તા કહો.** 15 મિનિટ
**ઈસુ અને શિષ્યોના ચિત્રમાં રંગ પૂરો.** 10 મિનિટ
**પાઠને અનુરૂપ ગીત શીખવો :** 10 મિનિટ
**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** 10 મિનિટ
**મુખપાઠ કલમ :** ‘‘ઈસુ તેઓની વચમાં ઊભો રહીને તેઓને કહે છે કે તમને શાંતિ થાઓ.’’ યોહાન 20:19
**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ

એક દિવસ જયારે શિષ્યો ભેગા મળીને ઈસુના પુનરુત્થાનની વાતચીત કરી રહ્યા હતા ત્યારે ઈસુ પોતે તેઓની વચ્ચે હાજર થાય છે અને તેઓને કહે છે, ‘‘તમને શાંતિ થાઓ.’’ આ જોઈને તેઓ ગભરાઈ ગયા કારણકે તેમને એવું લાગ્યું કે આ તો ભૂત છે. પરંતુ શિષ્યોને ભયભીત અને ચિંતામાં જોઈને ઈસુએ પોતાના હાથ-પગ તેમને બતાવ્યા અને કહ્યું કે ‘‘હું ઈસુ છું, તમે ગભરાશો નહીં.’’ ઈસુએ તેમને કહ્યું કે તમે મને અડકીને ખાત્રી પણ કરી જુઓ. પરંતુ તેઓએ તેમના પર વિશ્વાસ ન કર્યો. તેથી ઈસુએ કાંઈક ખાવાનું માંગ્યું તેથી તેઓએ માછલીનો શેકેલો ટુકડો ઈસુને આપ્યો. તે લઈને ઈસુએ ખાધો. પછી ઈસુએ તેઓના મનની આંખો ખોલી જેથી ઈસુના વચનો તેઓ સમજી શકે.

**બોધપાઠ :** શંકા સંદેહ વગર આપણે ઈશ્વરના વચનો પર વિશ્વાસ કરવો જોઈએ.

### પુનરાવર્તનના પ્રશ્નો

**1. જયારે ઈસુ તેઓની વચ્ચે આવ્યા ત્યારે તેઓને શું કહ્યું ?**
**2. ઈસુએ તેમને પર્સ કરવાનું કેમ કહ્યું ?**
**3. શિષ્યોએ તેમને ખાવા માટે શું આપ્યું ?**
**4. આ વાર્તા તમે કોને કહેશો ?**

**જીવનમાં લાગુકરણ**
આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ :

સારું ☐ શ્રેષ્ઠ ☐ સર્વોત્તમ ☐

## પાઠ - 35
# ઈસુનું સ્વર્ગારોહણ

### શિક્ષક માટે સૂચના

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** પ્રેરિતોના કૃત્યો 1:1-10
**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે તેઓ બીજાઓને ઈસુ વિશે જાગૃત કરે.
**પાઠનું આયોજન**
**ઈસુ સ્વર્ગમાં પાછા ગયા તે વાર્તા કહો.** 15 મિનિટ
**ઈસુ અને વાદળોના ચિત્રમાં રંગ પૂરો.** 10 મિનિટ
**પાઠને અનુરૂપ ગીત શીખવો :** 10 મિનિટ
**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો :** 10 મિનિટ
**મુખપાઠ કલમ :** ''જુઓ જગતના અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું.'' માથ્થી 28:20
**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ


ઈસુ તેમના મરણના ત્રણ દિવસ પછી સજીવન થયા. તેઓ ચાળીસ દિવસ સુધી પોતાના શિષ્યોને જુદા જુદા સ્થળોએ પ્રગટ થતા રહ્યા. એક વખત જ્યારે તેઓ જૈતુન પહાડ પર બેઠા હતા ત્યારે ઈસુએ તેઓને કહ્યું કે ''જગતના અંત સુધી તમે મારા સાક્ષી થશો.'' આ વાતો પછી તેઓના દેખતા જ ઈસુ આકાશમાં ચઢી ગયા અને વાદળોએ ઈસુને ઢાંકી દીધા ત્યાર પછી બે સ્વર્ગદૂત આવ્યા અને સ્વર્ગદૂત આવ્યા અને શિષ્યોને કહ્યું કે જેમ તમે તેને ઉપર જતા જોયો તે જ રીતે એક દિવસ તે પાછા આવશે.

**બોધપાઠ :** તમારા મિત્રોને ઈસુ વિશે જણાવો.

### પુનરાવર્તનના પ્રશ્નો

**1. ઈસુ કયા દિવસે સજીવન થયા ?**
**2. ઈસુ કેટલા દિવસો સુધી શિષ્યોને દર્શન આપતા રહ્યા ?**
**3. ઈસુએ તેમના શિષ્યોને શું કહ્યું ?**
**4. દૂતોએ શિષ્યોને શું કહ્યું**
**5. આ વાર્તા તમે કોને કહેશો ?**

**જીવનમાં લાગુકરણ**
આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?



ગ્રેડ : સારું ☐ શ્રેષ્ઠ ☐ સર્વોત્તમ ☐

# સુઆચરણ કે શિષ્ટાચાર

1. બ્રશ વડે તમારા દાંત સાફ કરો (દરરોજ સવારે ઊઠીને તરત અને દરરોજ રાત્રે પથારીમાં સૂતા પહેલાં) જો આ મુજબ નહીં કરો તો તમારા દાંત ખરાબ થઈ જશે, સડશે, દુખશે અને પછી પડી જશે.
2. દરરોજ ન્હાવ. જો તમે નહીં ન્હાવ તો તમારા શરીર પર સૂક્ષ્મ જંતુઓ એકઠા થશે જે બીમારી ફેલાવશે. તમારા શરીરમાંથી દુર્ગંધ આવશે અને તેથી તમારા મિત્રો તમારી નજીક આવવાનું ટાળશે.
3. જ્યારે કોઈ વ્યક્તિ તમને કંઈક વસ્તુ આપે ત્યારે જરૂરથી કહો ''તમારો ખૂબ જ આભાર'' ઈશ્વર પ્રત્યે પણ આભારી થવું જરૂરી છે.
4. જ્યારે તમારા થકી કોઈ વ્યક્તિ દુ:ખી થાય કે એને ઠેસ પહોંચી હોય તો તેને કહો કે, ''મને માફ કરશો (સોરી)''
5. દરરોજ સ્વચ્છ કપડાં પહેરો.
6. તમારા બૂટને દરરોજ પોલીસ કરો અને ચપ્પલને સાફ કરો.
7. તમારા વાળને કાંસકાથી સારી રીતે ઓળો અને વાળમાં થોડું તેલ નાખીને તેને યોગ્ય જગ્યાએ ગોઠવો.
8. તમારા દાંત વડે કદી નખ ન કાપો. નખની અંદરના ભાગે મેલ હોય છે જે તમને બીમાર પાડશે. નેલકટર અથવા કાતરથી જ નખ કાપો.
9. ખાંસી ખાતી વખતે તમારા મોંઢાને રૂમાલ વડે અથવા તમારા હાથ વડે ઢાંકો, નહીં તો તમારા મુખ દ્વારા જીવાણુઓ બીજાઓ સુધી ફેલાશે.
10. ક્યારે પણ જાહેર સ્થળ પર થૂંકશો નહીં. એવું કરવાથી ગંદકી ફેલાય છે અને તે જગ્યા ગંદી બની જાય છે.
11. લાંબો વખત સુધી ટી.વી. ન જોશો. તમારી આંખો બગડશે.
12. ખોરાકમાં શાકભાજી વધારે માત્રામાં ખાવ. તેનાથી વિટામિન્સ (પોષક તત્ત્વો) વધારે મળે છે.
13. મીઠાઈઓ ઓછી ખાવ, કારણકે તેનાથી દાંત ખરાબ થાય.
14. કદી પણ ખોરાકનો બગાડ ન કરો. એવા ઘણા બધા લોકો છે જેમને પેટ ભરીને કે પૂરતું ખાવાનું પણ મળતું નથી.
15. બીમારીઓથી બચવા માટે, જમતા પહેલાં હાથ જરૂર પાણીથી બરાબર ધોવો. જરૂર હોય તો સાબુ વડે પણ સાફ કરો.
16. ખોરાક ચાવતી વખતે મોં બંધ રાખો અને ખોરાક ખાતાં મોંથી અવાજ ન કરો.
17. જ્યારે જ્યારે મળે ત્યારે દૂધ જરૂરથી પીવો.
18. તમારા રમકડાં તમારા મિત્રોને રમવા ખુશીથી આપો.
19. ગાજર જરૂર ખાવ, કારણકે તેનાથી આંખોનું તેજ વધે છે.
20. જ્યારે કાનમાં દુ:ખાવો થાય ત્યારે રૂના પૂમડાં વડે કાનને સાફ કરો (મેલ કાઢો). તમારા કાનમાં અણીદાર વસ્તુ કદી ન નાંખશો.
21. દરરોજ ઓછામાં ઓછા આઠ કલાક ઊંઘો.
22. ક્યારે પણ કોઈ બીજા બાળકની મશ્કરી ન કરો, તેની હાંસી ન ઉડાવો.
23. દરરોજ ઉકાળીને સ્વચ્છ કરેલું પાણી પીઓ.

24. જ્યારે જ્યારે શક્ય હોય, ફળનો તાજો રસ પીવો.

25. બહારનો ખોરાક ન ખાવ, કારણકે તે ગંદો હોઈ શકે છે.

26. વધુ પડતા તળેલા ખોરાક તેમજ કુરકુરે વિગેરે ન ખાશો.

27. ગૃહકાર્ય (હોમવર્ક) કરવા માટેનો સમય નક્કી કરી દો અને તે મુજબ વર્તો.

28. લોકોનો પ્રેમથી આવકાર કરો કે સલામી આપો. આ માટે ''જય ઈસુ'' અથવા ''હેલ્લો'' કહો કે હાથ મિલાવો વિગેરે રીત વાપરો.

29. જમતી વખતે તમારો ખોરાક થાળીમાંથી ટેબલ પર ન ઢળે એનું ધ્યાન રાખો.

30. જ્યારે મહેમાન વિદાય લેતા હોય ત્યારે ''બાય'' અથવા ''ટાટા'' કે પછી ''ફરી મળીશું'' કે ''આવજો'' કે ''ફરીથી જરૂર આવજો'' વિગેરે શબ્દ કહો.

31. બધી જ વસ્તુઓને તેના યોગ્ય સ્થાને સારી રીતે અને વ્યવસ્થિત ગોઠવો કે મૂકો.

32. જો તમારે કંઈપણ વસ્તુની જરૂર હોય તો હંમેશા ''મહેરબાની કરીને'' ''પ્લીઝ'' શબ્દ વાપરો.

33. દિવસે જ્યારે પુષ્કળ તાપ હોય ત્યારે ખુલ્લામાં બિલકુલ રમશો નહીં.

34. ઠંડી ઋતુમાં (શિયાળામાં) કોઈ સારા પ્રકારની ક્રીમ અથવા તેલ ચામડી પર લગાવો. કારણકે ઠંડીને કારણે ચામડી સૂકાઈ જાય છે.

35. પરવાનગી વગર કે પૂછ્યા વિના કદી પણ કોઈ બીજી વ્યક્તિના ઘરમાં પ્રવેશ કરવો નહીં.

# Notes

# Notes